[illegible]

ગ્રંથ ૨૯.

Reg. No. ૯૮

શ્રી સમકિતના સડસઠ બોલની

તથા

અઢાર પાપસ્થાનકની સઝાયો

પ્રકાશક.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આવૃત્તિ ૧ લી. | પ્રત ૨૫૦૦.

વીર સં. ૨૪૪૫. | વિક્રમ સં. ૧૯૭૫. | સને ૧૯૧૯.

મૂલ્ય ૦-૧-૦.

પુસ્તક વાંચનાર મિત્રોને અગત્યની સુચના.

૧ પુસ્તકને થૂંક લગાડવું નહિ

૨ પુસ્તકને અવળું વાળવું નહિ.

૩ પુસ્તકોને પુંઠા પરથી પકડી ફાડવાં નહિ.

૪ પુસ્તકને પગ લગાડવો નહિ.

૫ પુસ્તકને પછાડવું નહિ.

૬ પુસ્તકને પાસે રાખી ભોજન કરવું નહિ.

૭ પુસ્તકને બગલે રાખી પેશાબ કરવો નહિ.

૮ પુસ્તકોનાં અક્ષર થુંકથી ભુંસવા નહિ.

૯ પુસ્તક ઉપર બેસવું કે સુવું નહિ.

૧૦ પુસ્તકો પાસે રાખી ઝાડો કરવો નહિ.

૧૧ પુસ્તકોની અવિનયથી આશાતના કરવી નહિ.

૧૨ પુસ્તકોનું પાથરીને આસન કરવું નહિ.

૧૩ પુસ્તકોને ઓશીકે કે નીચે રાખી
આસને નીચે મુકવું નહિ.

સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

દૂહા.

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ૧

સમકિતદાયક ગુરૂતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨

સુકૃત એટલે પુણ્યરુપ વેલને વધારવાને માટે મેઘની પંક્તિ સમાન એવી સરસ્વતી માતાને યાદ કરીને એટલે તેનું ધ્યાન ધરીને અમૃતસમાન મીઠી એવી સમકિતના સડસઠ બોલની વાત કહીશું. ૧

સમકિતના આપનાર ગુર્વાદિકનો સર્વ પ્રકારે યત્ન કરતાં કોડાકોડ ભવ કરીને પણ પ્રત્યુપકાર થઇ શકતો નથી, એટલે જો કોડાકોડ ભવ સુધી ગમે તે ઉપાયથી તેમની સેવના કરીએ તો પણ જે સમકિત એમણે આપ્યું છે તેનો બદલો વળી શકતો નથી. ૨

દાનાદિક કિરિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચનમર્મ. ૩

દર્શનમોહવિનાશથી, જે નિર્મળ ગુણઠાણ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ૪

ઢાળ પહેલી. વીરજીનેશ્વર ઉપદિશે એ દેશી.

ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારોરે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૫

એક નિર્મલ નિશ્ચલ સમકિત વિના દાનાદિક ક્રિયા એટલે દાન[૧], શીલ[૨], તપ ઈત્યાદિક ક્રિયાકાંડ તે, મોક્ષ સુખ આપી શકતું નથી; જ્યારે સમકિત આવે ત્યારેજ મોક્ષ સુખ આપે છે, માટે સમકિત મોટું છે તે, પ્રવચન એટલે સિદ્ધાન્તનું રહસ્ય છે એમ જાણો. ૩

દર્શનમોહ એટણે સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના તથા અનંતાનુબંધીની ચોકડીના નાશથી જે નિર્મલ એટલે મિથ્યાત્વરુપ મેલ રહિત એવું અવિરતિ સમકિતદૃષ્ટિ ગુણઠાણું પ્રગટે છે, તેને જ નિશ્ચય સમકિત કહ્યું છે. તેનાં આ અધિષ્ઠાન એટલે રહેવાનાં ઠેકાણાં છે, તે નીચે મુજબ: ૪

સદ્દહણા એટલે ચાર શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ અને આઠ પ્રભાવક, એ રીતે ૩૩ પ્રકાર થયા. ૫

હરિગીત છંદ.

પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,
ષટ જયણ ષટ આગાર ભાવના, છવ્વિહા મનઆણીએ;
ષટ ઠાણ સમકિતતણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,
એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૬

ઢાળ.

ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે;
પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૭

આઠ પ્રભાવક પછી પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ પ્રકારની ભાવના એ મનમાં જાણીએ. તે પછી છ સમકિતનાં સ્થાનક; એ રીતે સમકિતના સડસઠ ભેદ થયા; તે ઘણા ઉદાર એટલે મનોહર અથવા સર્વોત્તમ છે, કેમકે સર્વને ઘણા ગુણકારી છે. એ સડસઠ બોલનો જે તત્ત્વ જે પરમાર્થ તેનો વિચાર કરતાં ચાર ગતિ ભ્રમણરૂપ સંસારસમુદ્રનો પાર પામીએ એટલે મોક્ષ પામીએ. ૬

હવે ચાર ભેદે સદ્દહણાનો અર્થ કહે છે:- જીવાદિક નવતત્ત્વ રુપ પદાર્થનો પરમાર્થ-રહસ્ય જાણવો તે કહે છે. શુભ અશુભ કર્મનો કર્ત્તા, શુભ અશુભ કર્મનો ભોક્તા, ચૈતન્ય ઉપયોગ લક્ષણવંત તે જીવતત્ત્વ કહીએ ૧, એથી ભિન્ન લક્ષણ-ચેતના રહિત તે અજીવ તત્ત્વ કહીએ ૨, શુભ કર્મના પુદ્ગલને અથવા તે બાંધવાનાં કારણને પુન્ય

તત્ત્વ કહીએ ૩, અશુભ કર્મ પુદ્‌ગલને અથવા તે બાંધવાનાં કારણને પાપ તત્ત્વ કહીએ ૪, કર્મ આવવાનું કારણ-કર્મ બાંધવાના હેતુભૂત મિથ્યાત્વાદિને આશ્રવ તત્ત્વ કહીએ ૫, આવતાં કર્મના હેતુભૂત મિથ્યાત્વાદિને રોકવાં તેને અથવા આવતાં કર્મ રોકવાં, પાંચ સમિતિ આદિનું સેવન કરવું તેને સંવર તત્ત્વ કહીએ ૬, આત્માથી કર્મને એક દેશે છૂટાં કરવાં તેને નિર્જરા તત્ત્વ કહીએ ૭, અન્યોઅન્ય આત્મપ્રદેશ સાથે કર્મનો સંયોગ, વહ્નિ અયઃપિંડની પરે (એટલે અગ્નિમાં તપાવેલા લોઢાના પિંડને અને આગ્નને સંબંધ છે તે રીતે) અથવા ક્ષીરનીરની પરે (એટલે પાણીને દૂધ એકઠાં કરેલાં એકમેક થાય છે તેની પેઠે) થાય છે તે બંધ તત્ત્વ ૮, અને આત્મપ્રદેશથી કર્મનો અત્યંત અભાવ એટલે તેનો સર્વથા પ્રકારે વિયોગ કરવો અથવા કર્મને જૂદાં પાડી જીવના પ્રદેશને નિરાવરણ કરવા તે મોક્ષતત્ત્વ કહીએ ૯, એ જીવાદિક પદાર્થનો અર્થ જાણવો એટલે જીવાદિક નવતત્ત્વરુપ પદાર્થનો પરમાર્થ પ્રવચન જે સિદ્ધાંત તેને વિષે કહ્યો છે તેનો અર્થ હૃદયને વિષે ધારીએ તથા સદ્દહીએ. ૭

---

૧ કર્મના મૂળ બંધહેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ રીતે ચાર છે, અને ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય અને ૧૫ યોગ એ રીતે ઉત્તરબંધ હેતુ ૫૭ થાય છે.

હરિગીત છંદ.

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહના જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા;
તેહની સેવા કીજીએ જીમ, પીજીએ સમતાસુધા. ૮

એ જીવાદિક નવ પદાર્થનો અર્થ વિચારીને સદ્દહીએ, ધારીએ તેને પહેલી સદ્દહણા કહીએ. આગમમાં કહ્યું છે કે:—

જીવાઈ નવ પયત્થે, જો જાણઇ તસ્સ હોઇ સમ્મત્તં;
ભાવેણ સદ્દહન્તો, અયાણમાણેવિ સમ્મત્તં. ૧

એ ગાથાથી અર્થ વિચારો. આ પ્રકારે જીવાદિ નવ તત્ત્વનું રહસ્ય જાણી સદ્દહવાથી પહેલી સદ્દહણા થાય છે. હવે બીજી સદ્દહણા કહે છે. સમકિતના જાણ પુરુષ જે મુનીશ્વર તેમને ગુણ પારખીને આદરવા; જેમ ઝવેરી હીરાની તથા ઝવેર, મણિ, માણિક, મોતી, પ્રમુખની પ્રથમ પરીક્ષા કરી આંક દેઇને પછી મૂલ કહે છે (આદરી લે છે) તેમ (જાણ પુરુષે) મુનીશ્વરના ગુણ ઓળખીને સદ્દહવા. ઇતિ રહસ્યં જ્ઞેયં. વલી તે મુનિ કેવા હોય તેને આશ્રયીને કહે છે. સંવેગ, તે રાગ દ્વેષે કરી વર્જિતપણું તેનો રંગ, તેના તરંગ જે કલ્લોલ તેને વિષે સદા ઝીલે છે; તથા શ્રી

ઢાળ.

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહાછન્દા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૯

વીતરાગપ્રણીત શુદ્ધ નિર્મળ માર્ગ પ્રત્યે શુદ્ધ પ્રરુપે કે૦ પોતાની મતિ કલ્પના વર્જિત માર્ગ કહે. જે બુદ્ધિવન્ત પણ્ડિત જિનાગમના જાણ અને શુદ્ધભાષક હોય તે જિનાગમને અનુસરી પોતે પ્રવર્ત્તે અને શુદ્ધમાર્ગે અન્યને પણ પ્રવર્ત્તાવે. એવા મુનિરાજ રત્નત્રયાત્મક ધર્મના આરાધક શુદ્ધ સંયમી, નિષ્કપટી, તત્ત્વના જાણ, તેમની સેવા કરનાર સમતારુપ સુધા કે૦ અમૃત પીએ. જેમ અમૃતનો બિન્દુ પીવાથી અજરાપણું કે૦ ઘડપણ રહિત થવાય તેમ શુદ્ધ સમકિતીને મુનિરાજની સેવા કરતાં અવ્યાબાધ-સુખની-મોક્ષની પ્રાપ્તિ હોય. એ મુનિરાજની સેવારુપ બીજી સદ્દહણા કહીએ. ૮

સમકિત લેઈને જે માણસે વમ્યું, ત્યાગ કર્યું એટલે સમકિતથી પડ્યા તે પ્રાણી કેવા જાણવા? નિન્હવ એટલે જિનમતના ઉત્થાપક અને સ્વમતના સ્થાપક, અહાછંદા એટલે સ્વેચ્છાચારી, પાસત્થા એટલે નિયતસ્થાનવાસી, કુશીલિયા એટલે શીલ રહિત, આચાર રહિત જાણવા. યતઃ

દંસણભટ્ઠો ભટ્ઠો, દંસણભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણં;
સિજ્ઝંતિ ચરણરહિયા, દંસણરહિયા ન સિજ્ઝંતિ.

અર્થ—સમકિતથી ભ્રષ્ટ થયો તેને ભ્રષ્ટ કહિએ. સમકિતથી ભ્રષ્ટ થયેલાને મોક્ષ ન હોય; ચારિત્ર રહિત માણસો તો સિદ્ધિ પામે છે પણ સમકિત રહિત માણસ

હરિગીત છંદ.

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જલધિ જલમાં ભલ્યું ગંગા,-નીરલુણપણું લહે.૧૦

સિદ્ધિ પામતા નથી. એ સમકિતથી ભ્રષ્ટ થયેલા માણુસો કેવા હોય છે તે કહે છે. તેઓ પરિગ્રહથી અસંતુષ્ટ હોય છે, ઇન્દ્રિયવિષયમાં લોલુપ્ત હોય છે, માયામોસ સેવનારા, બગવત્ પાદસંચારી, ધૂર્ત્તધ્યાનવત્ હૃદયમાં દુષ્ટ ધ્યાન ધારી, મોઢે મીઠા અને અંતઃકરણમાં કપટી, સારા આહારને લેતા અને ખરાબ આહારનો ત્યાગ કરતા એવા કુમતિ એટલે દુષ્ટ બુદ્ધિવંત, અવિધિના પ્રવર્ત્તાવનાર, મમત્વવંત, કદાગ્રહી, મધ્યસ્થગુણરહિત તથા વેષને વગોવનાર, મંદ, અજ્ઞાની હોય છે. ૯

એવા મંદમતિ જે મંદજ્ઞાની તથા અજ્ઞાની, જ્ઞાનવર્જિત એવાને અળગા કરીને ત્રીજી સદ્દહણાને ગ્રહીએ. એ પાસત્થાદિકના પ્રસંગ તજવા રુપ ત્રીજી સદ્દહણા કહી. હવે ચોથી સદ્દહણા કહે છે. જૈનદર્શનથી વિપરીત, પરદર્શની ૧ બૌધમત ૨ સાંખ્યમત ૩ જૈમિનીય ૪ નૈયાયિક ૫ વૈશેષિક અને ૬ ચાર્વાક તથા બ્રાહ્મણ, તાપસ, કુલિંગી, ત્રિદંડીયા પ્રમુખનો સંગ છાંડીએ તે ચોથી સદ્દહણા કહી. અહીં દૃષ્ટાંત કહે છે. જે ઉત્તમ પુરૂષ નીચનો સંગ ત્યાગ કરે નહીં તેના ગુણ રહે નહીં અને નીચનો સંગ છોડે તોજ ગુણ રહે. જેમ સમુદ્રના જળમાં ગંગાનું પાણી ભળે

ઢાળ. ૨

જંબુદ્વીપના ભરતમાં રે એ દેશી.

ત્રણ લિંગ સમકિતતણાં રે, પહિલો શ્રુતઅભિલાષ;
જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે–
પ્રાણી ધરીએ સમકિત રંગ, જીમ લહીએ સુખ
અભંગરે, પ્રાણી. ૧૧

તો લુણપણું લહે એટલે ખારૂં થાય ત્યારે ગંગાના પાણીનો મૂળ સ્વાદ અને મૂળ ગુણ ન રહે તેમ પરદર્શનીનો સંગ કરતાં થકાં સમ્યક્ત્વાદિ મૂળ ગુણ ન રહે. તે માટે પરદર્શનીનો સંગ છોડીને વર્તે. એ પ્રમાણે અન્ય દર્શનીનો સંગ તજવા રૂપ ચોથી સદ્દહણા કહી. ૧૦

હવે સમકિતનાં ત્રણ લિંગનું સ્વરુપ કહે છે:–સમકિતનાં લિંગ એટલે જેણે કરી સમકિતને ઓળખીએ એવાં ચિન્હ તેને લિંગ કહીએ. એનું સ્વરૂપ કહે છે ત્રણ લિંગ માંહે પહેલું શ્રુતઅભિલાષ જે શ્રુતસિદ્ધાંતની અભિલાષા, વાંચ્છા એટલે જિનોક્ત આગમ સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા–અતિ આદરપૂર્વક સાંભળવું; જે સિદ્ધાંત સાંભળવાથી શ્રોતા પુરૂષ સાકર અને દ્રાક્ષના જેવા મીઠા રસને પામે. હે ભવ્ય પ્રાણી ! સમકિતને વિષે ખરો રંગ કરીએ અથવા સમકિતને વિષે રાગ અસ્થિમજ્જા ધારીએ; જેમ અનાગતકાલે અભંગ સુખ એટલે મોક્ષ સુખ પામીએ. ૧૧

હવે શ્રુત સાંભળવાની પ્રીતિ કહે છે:—કોઈ તરૂણ એટલે

તરૂણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીતરે,પ્રા. ૧૨

ભૂખ્યો અટવી ઉતર્યો રે, જીમ દ્વિજ ઘેબર ચંગ;
ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે,પ્રા.૧૩

વેયાવચ્ચ ગુરૂ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;
વિદ્યાસાધક પરે કરે રે, આળસ નવિય લગારરે, પ્રા.૧૪

જુવાન પુરૂષ, ચિંતાએ વર્જિત, રોગ રહિત, સુખી હોય, વલી સુરૂપા સુલક્ષણે સહિત સ્ત્રી સાથે, સુખે પાંચ ઇંદ્રિયનાં સુખ ભોગવતો થકો, સુરગીત જે દેવતા સંબંધી ગીતને તે ચતુર પુરૂષ જેવા રાગથી સાંભળે એથકી પણ ઘણા રાગે ધર્મ સાંભળવાની ઇચ્છા રાખે, તેને શ્રુતઅભિલાષી કહીએ; એ સમકિતનું પ્રથમ લિંગ જાણવું. ૧૨

હવે સમકિતનું બીજું લિંગ કહે છેઃ—જેમ કોઈ ક્ષુધાએ પીડિત બ્રાહ્મણ વિકટ વન ઉતરીને આવેલો હોય તે ચંગ કે૦ મનોહર એવાં ઘેવર દેખીને તે ખાવાની અત્યંત ઇચ્છા કરે તેમ જે પ્રાણી ધર્મને ઇચ્છે તેને ધર્મરાગ નામે બીજું લિંગ કહીએ. ૧૩

હવે ત્રીજું લિંગ વૈયાવચ્ચ નામે કહે છેઃ—જે ગુરૂ તથા દેવની વેયાવચ્ચ કે૦ તેમનાં ચરણકમળની સેવા, ભક્તિ, બહુમાન, આહાર પાણી લાવી આપવું, ગુરૂનાં વચનને અનુયાયી રહેવું એટલે ગુરૂની આજ્ઞા અખંડિતપણે પાળવી તે વૈયાવચ્ચ કહીએ. તે વૈયાવચ્ચ વિદ્યાસાધકની પેઠે કરવી જોઇએ. જેમ કોઇ વિદ્યા સાધનાર પુરૂષ લગાર માત્ર પણ

ઢાળ ૩.

સમકિતનું મૂલ જાણીએ જી એ દેશી.

અરિહંત તે જિન વિચરતાજી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇય જીનપડિમા કહીજી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ;
ચતુર નર, સમજો વિનયપ્રકાર, જીમ લહીએ
સમકિત સાર—ચતુર૦ ૧૫

આળસ કે૦ પ્રમાદ કરતો નથી અને વિદ્યાસાધન કરવામાં એક ચિત્ત લગાડે છે તેવી રીતે ગુરૂદેવની વૈયાવચ્ચ કરવામાં એક ચિત્ત લગાડવું તેને વૈયાવચ્ચ નામે ત્રીજું લિંગ કહીએ. ૧૪

હવે સમકીતનો દશ પ્રકારનો વિનય કહે છેઃ—અરિહંત તીર્થંકર દેવ તે વિદ્યમાન વિચરતા, ચોત્રીશ અતિશયે સહિત, પાંત્રીશ વાણીના ગુણે બિરાજમાન, બાર ગુણે ગુણવન્ત એવા અરિહંત ભગવાનનો વિનય કરવો. ૧ જ્ઞાનાવરણીયાદિક આઠ કર્મને ખપાવીને મોક્ષે પહોંચ્યા એવા આઠ ગુણે સહિત સિદ્ધ ભગવાનનો વિનય કરવો ૨. જે દેખી ગુણ ચેતીએ તે ચૈત્ય કહેવાય. એ ચૈત્ય શબ્દનો અર્થ જિનપ્રતિમા અથવા જિનબિંબ સૂત્ર સિદ્ધાંતને વિષે પ્રસિદ્ધ છે એટલે પ્રગટ પણે પાઠ છે એ ચૈત્યનો વિનય કરવો. ૩. શ્રુત તે શ્રુતજ્ઞાન દ્વાદશાંગી આચારાંગાદિ ૧૧ અંગ અને ૧૨ મું દૃષ્ટિવાદ તે શ્રુત કે૦ સિદ્ધાંત આગમ તેનો વિનય કરવો. ૪. ચતુર નર કે૦ હે પંડિત પુરૂષો! તમે હૃદયને

ધર્મ ખિમાદિક ભાખિએજી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારનાજી, દાયક નાયક જેહ ચ૦ ૧૬

ઉપાધ્યાય તે શિષ્યનેજી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણીએજી, હરિસણ સમકિત સાર. ૧૭

વિષે દશવિધ વિનયનો ભેદ સમજો, જાણો જેથી સમકિતનું રહસ્ય પામીએ. ૧૫

ધર્મ ક્ષમાદિક દશ પ્રકારનો સાધુધર્મ કહ્યો છે તે કહે છે:-૧ ખંતિ, ૨ મદ્દવ, ૩ અજ્જવ, ૪ મુત્તિ, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચન, ૧૦ બ્રહ્મચર્ય એ દશ ભેદે યતિધર્મ તેનો નિશ્ચય વિનય કરવો જોઈએ ૫. તે દશ પ્રકારના યતિધર્મનું ગેહ એટલે ઘર અર્થાત્ સ્થાન સાધુમુનિરાજ છે એટલે તે મુનિ દશવિધ યતિધર્મના ધારક છે તેમનો વિનય કરવો ૬. આચાર્ય જે પાંચ આચાર ૧ જ્ઞાનાચાર, ૨ દર્શનાચાર, ૩ ચારિત્રાચાર, ૪ તપાચાર, ૫ વીર્યાચાર, એ પાંચ આચારના દાયક કે૦ આપનાર એટલે દેખાડનાર છે એટલે પંચાચાર પોતે પાળે ને બીજાને ઉપદેશ કરીને પળાવે તે આચાર્ય ધર્મના નાયક છે તેમનો વિનય કરવો ૭. ૧૬

વલી સૂત્ર તે સિદ્ધાંત ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૫ છેદ, ૪ મૂલસૂત્ર, ૧ નંદી ૧ અનુયોગ એ ૪૫ આગમનો શિષ્યને અભ્યાસ કરાવે તેને ઉપાધ્યાય કહીએ તે ઉપાધ્યાયનો વિનય કરવો ૮. પ્રવચન કે૦ સિદ્ધાંત એટલે સૂત્ર ૧, નિર્યુક્તિ

ભગતિ બાહ્ય પ્રતિપત્તિથીજી, હૃદયપ્રેમ બહુમાન;
ગુણથુતિ અવગુણ ઢાંકવાજી, આશાતનની હાણ. ૧૮

૨, ભાષ્ય ૩, ટીકા ૪, ચૂર્ણિ ૫, એને પ્રવચન કહીએ. તથા વળી જીવ ૧, અજીવ, ૨, પુન્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, નિર્જરા ૭, બંધ ૮, મોક્ષ ૯, એ નવ તત્ત્વને જાણે, આદરે તે સાધુ ૧, સાધ્વી ૨, શ્રાવક ૩, શ્રાવિકા ૪ તે પ્રવચન સંઘ કહીએ, એ પ્રવચન સંઘનો વિનય કરવો ૯. તથા દર્શન જે ઉત્તમ સમકિત તે ક્ષાયક, ક્ષયોપશમ, ઉપશમાદિ સમકિતનો વિનય કરવો ૧૦ યદુક્તં— સમ્યગ દર્શનં સમ્યક્ત્વં, તદ્ભેદોપચારાત્સમ્યક્ત્વાનપિ દર્શનમુચ્યતે એવં પ્રાગપિ યથાસંભવં વાચ્યમ્ ઇતિ આત્મપ્રબોધ ગ્રંથે. સમકિતનો વિનય કહેવાથી સમકિતવંતનો વિનય પણ સમજી લેવો. ૧૭

પ્રથમ ભક્તિ તે બાહ્ય પ્રણિપાત કરવો એટલે અષ્ટાંગ પ્રણામ કરવો તે કહે છે. ઉરસા ૧ શિરસા ૨ પ્રષ્ટા, ૩ ૩ જાનૂ ૪ નાસા ૫ તથૈવ ચ; ગ્રીવા ૬ કરાભ્યાં ૭ નયનાભ્યાં, પ્રણામોઽષ્ટાંગ ઉચ્યતે. ૧ એ આઠ પ્રણામ તેનું વર્ણન કર્યું. અષ્ટાંગપ્રણામોભક્તિઃ તે બાહ્ય પ્રતિપત્તિથી જાણવો. ૧ હૃદયને વિષે પ્રેમ—સ્નેહ, રાગ ધરીને બહુમાન કરવું એ બીજો ભેદ બહુમાનનો કહ્યો છે. ૨ ગુણીના ગુણની સ્તુતિ કરવી એ ગુણસ્તુતિ ત્રીજો ભેદ. ૩ તે ગુણીના અવગુણ ઢાંકવા એ અવગુણ વર્જના ચોથો ભેદ. ૪ અને આશાતનાની હાનિ કરવી એટલે જે જે આશાતના ટાળવી ઘટે તે ટાળવી એ આશાતનાની હાનિનો પાંચમો ભેદ.૫ ૧૮

પાંચ ભેદે એ દશ તણોજી, વિનય કરે અનુકૂલ;
સીંચે તેહ સુધારસેજી, ધર્મવૃક્ષનું મૂલ—ચ૦ ૧૯

ઢાળ ૪. ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે એ દેશી.

ત્રણ શુદ્ધિ સમકિત તણીરે, તિહાં પહિલી મન શુદ્ધિરે
શ્રીજિન ને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિરે,—
ચતુર વિચારો ચિત્તમાં રે. ૨૦

જે માણસ ૧ ભક્તિ, ૨ બહુમાન, ૩ ગુણસ્તુતિ, ૪ અવગુણ વર્જના, ૫ આશાતનાનો ત્યાગ એ પાંચ ભેદે કરી અરિહંતાદિક દશનો વિનય કરે એટલે ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, ૪ શ્રુત, ૫ ધર્મ ૬ સાધુવર્ગ, ૭ આચાર્ય ૮ ઉપાધ્યાય, ૯ પ્રવચન અને ૧૦ દર્શન એ દશેનો પાંચ પ્રકારે અનુકૂળ વિનય કરે તે માણસ વિનય રૂપ અમૃતરસે કરી સમકિતરૂપ ધર્મવૃક્ષના મૂળને સિંચે છે. ૧૯

હવે સમકિતની ત્રણ શુદ્ધિ કહે છેઃ—શુદ્ધિ એટલે સમકિતને નિર્મળ કરે તેને શુદ્ધિ કહીએ. પ્રથમ મનશુદ્ધિ એટલે શ્રી વીતરાગપ્રણીતતત્ત્વ તેજ સત્ય છે, તે વિના બીજું બધું જૂઠું છે એટલે અસાર છે એવી બુદ્ધિ તે મનશુદ્ધિ કહિએ. હે ચતુર પુરૂષો! તે વાત મનમાં ધારો. ૨૦

દેવ દાનવોએ વંદિત એવા શ્રી જિન વીતરાગદેવ તેમની ભક્તિ કરવાથી જે કાર્યની સિદ્ધિ ન થઈ તે બીજા અન્ય દેવથી કેમ થશે? એવા ઉદ્ગાર જે મુખથી નિકળે

જીનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાયરે ?
એવું જે મુખે ભાખીએ રે, તેની વચન શુદ્ધિ કહેવાયરે.
છેદ્યો ભેદ્યો વેદનારે, જે સહેતો અનેક પ્રકાર રે;
જિન વિણ પર સુર નવિ નમે રે, તેહની કાયા શુદ્ધિ
ઉદાર રે. ચ૦ ૨૨

ઢાળ ૫.

કડવાં ફળ છે ક્રોધનાં એ દેશી.

સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહિલી છે શંકારે;
તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકારે,
સમકિત દૂષણ પરિહરો. ૨૩

તેની સમકિતની બીજી વચનશુદ્ધિ કહેવાય. ૨૧

શરીરને અનેક પ્રકારે છેદે, અનેક પ્રકારે વિદારે—એ ખંડ કરે તથા શરીરને અનેક પ્રકારની વેદના કરે તે બધું સહે પરંતુ સમકિતી જીવ શ્રીજિન, તીર્થંકરપરમાત્મા વિના બીજા હરિહરાદિ દેવને મસ્તક ન નમાવે અને તીર્થંકર દેવનેજ ધર્મ બુદ્ધિએ નમસ્કાર કરે તેની સમકિતની ત્રીજી કાયશુદ્ધિ કહેવાય. તે કેવી છે ? ઉદાર એટલે મોટી છે.૨૨

હવે સમકિતનાં પાંચ દૂષણ કહે છેઃ—સમકિત જે શ્રદ્ધા તેને દુષ્યતિ કે૦ દુહવે અથવા અતિચાર લગાડે તે દૂષણ કહીએ; એટલે સમકિતનાં જે દૂષણ શંકા કંખાદિ પાંચ છે તેને પરિહરો કે૦ છાંડો. તે પાંચ દૂષણનાં નામ તથા વિવેચન લખે છે.

પહેલું શંકા નામે દૂષણ છે. શંકા (એટલે સંદેહ)

કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ;
પામી સુરતરૂ પરગડો, કિમ બાઉલ ભજીએ ? ૨૪

સંશય ધર્મનાં ફલતણો, વિતિગિચ્છા નામે;
ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમ૦ ૨૫
મિથ્યામતિ ગુણ વર્ણનો, ટાળો ચોથો દોષ;
ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગપોષ. સમ૦ ૨૬

શ્રીજિનેશ્વર ભગવાન્ કે જેમને રાજા અને રંક બંને સરખાજ છે તેવા ભગવાનના કહેલાં વચન એટલે સૂત્ર સિદ્ધાંતમાં રાખવી નહીં. ૨૩

બીજું દૂષણ કંખા–કાંક્ષા કે૦ કુમતની વાંછા એટલે ઇચ્છા છોડવી જોઇએ. કેમકે પ્રગટપણે શ્રી જિનધર્મરૂપી (મનોવાંછિત ફળના આપનાર એટલે સ્વર્ગ અને મોક્ષનાં સુખને આપનાર એવા) કલ્પવૃક્ષને મૂકીને મિથ્યાત્વરૂપ બાવળ જે બહુ કંટક સહિત કષાય ફળનો આપનાર છે તેને કેમ ભજીએ ? અર્થાત્ તેને ન સેવીએ. ૨૪

ત્રીજું વિતિગિચ્છા દૂષણ એટલે ધર્મનાં ફળનો સંદેહ રાખે એટલે શ્રીજિનધર્મ સેવ્યાથી અવ્યાબાધ મોક્ષસુખ પામે તેમાં વહેમ લાવે કે ધર્મ સેવ્યાથી કોઇ વખત મોક્ષસુખ પામીશું કે નહિ ? તે વિતિગિચ્છા દૂષણ પોતાના શુભ પરિણામવડે ત્યાગ કરો જેથી સુખ પામો. ૨૫

ચોથું દૂષણ મિથ્યામતિ ગુણવર્ણના–મિથ્યાદૃષ્ટિ જીવના ગુણની સ્તવના કરવી તે દૂષણને છાંડો. હવે મિથ્યા-

પાંચમો દોષ મિથ્યામતિ,—પરિચય નવ કીજે;
ઇમ શુભમતિઅરવિંદની, ભલી વાસના લીજે.સ૦ ૨૭.

મતિના ગુણનું વર્ણન કરતાં શો દોષ ઉત્પન્ન થાય તે કહે છે. જૈન માર્ગ વિના બીજા ઉન્માર્ગ જે સૌગત (બૌધ) ૧, સાંખ્ય ૨, જૈમિનીય ૩, વૈશેષિક ૪, નૈયાયિક ૫, ચાર્વાક ૬, તે અન્યમતિ તથા સ્વપક્ષે નિન્હવ એટલે ભગવાનનાં વચનના ઉત્થાપક વગેરે ઉન્માર્ગીની પ્રશંસા કરતાં મિથ્યાત્વની પુષ્ટિ થાય. ૨૬

હવે પાંચમું દૂષણ મિથ્યામતિપરિચય એટલે મિથ્યાદૃષ્ટિ જીવની સંગતિ ન કરવી. જેથી શુભમતિ અરવિંદ એટલે સમકિતરૂપ કમળની સુંદર સુવાસ લહીએ. એ રીતે ઉપર લખેલાં સમકિતનાં પાંચ દૂષણ ટાળવાં. ૨૭

હવે પ્રવચનના આઠ પ્રભાવક કહે છે. પ્રભાવક એટલે શ્રીજૈનશાસનને દીપાવે કે૦ જૈનશાસનની શોભા વધારે તે. પ્રવચન એટલે જૈનશાસ્ત્ર અથવા સિદ્ધાન્ત તેનો મહિમા વધારે તેને પ્રવચનપ્રભાવક કહીએ. તે આઠ પ્રભાવકને વિષે "પ્રાવચનિક" નામે પહેલો પ્રભાવક છે. જે આગમરૂપ વર્ત્તમાનશ્રુત સિદ્ધાન્ત તેના અર્થનો પાર પામે તે પહેલો પ્રભાવક જાણવો. તે કેવો છે? ગુણખાણ કે૦ ગુણનો ભંડાર છે. યત:

સવ્વ ઉદહીણ ઉદયં, સવ્વ નઇણું જઇ હુજ્જ વાલુઆ
તત્તો અણંતગુણિઓ, અત્થો ઇક્કસ્સ સુત્તસ્સ.

ઢાળ ૬.

અભિનંદન જિન દરિસણ તરસીએ એ દેશી.

આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;
વર્ત્તમાનશ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ,
ધન ધન શાસન મંડન મુનિવરા. ૨૮

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધ૦ ૨૯

વાદી ત્રીજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જીમ મેહ. ધ૦ ૩૦

ભદ્રબાહુ પરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ;
તેહ નિમિત્તીરે ચોથો જાણીએ, શ્રીજિનશાસનરાજ.

અર્થ—સર્વ મહાસાગરનું પાણી જેટલું થાય અને સર્વ નદીઓની જેટલી રેતી થાય તેથી એક સૂત્રનો અર્થ અનન્તગુણો છે. ધન્ય હો! ધન્ય હો! એવા શ્રીજિનશાસનને શોભાવનાર ભૂષણ સમાન મુનિવરોને. ૨૮

બીજો પ્રભાવક "ધર્મકથી" નામે જાણવો. તે નંદીષેણજીની પેઠે પોતાના ઉપદેશવડે લોકોને રીઝવીને પ્રતિબોધે અને હૃદયના મિથ્યાત્વરૂપ સંદેહને દૂર કરે. ૨૯

ત્રીજો "વાદી" નામે પ્રભાવક છે, તે તર્કશાસ્ત્ર એટલે ન્યાયશાસ્ત્ર, ઉપચારથી કાવ્ય, છંદ, અલંકારાદિ સર્વ

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ;
આસ્રવ લોપેરે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.
છટ્ઠો વિદ્યા રે મંત્રતણો બલિ, જિમ શ્રી વયર મુણિંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિ
ચંદ, ધ૦ ૩૩

શાસ્ત્રનો અભ્યાસ કરી, પંડિત થઈ, પરદર્શનીને સ્યાદ્વાદમતે જીતે; જેમ મલ્લવાદી રાજસભામાં મેઘના ગર્જારવ જેવા શબ્દના ઉચ્ચાર કરી પરવાદીને જીતી વિજયલક્ષ્મીને પામ્યા, તે ત્રીજા પ્રભાવક જાણવા. ૩૦

શ્રીજિનશાસનને વિષે ચોથો પ્રભાવક "નૈમિત્તિક" (જોષી) છે. તે પૂજ્ય શ્રીભદ્રબાહુની પેઠે પરમત જે બૌદ્ધાદિકને જીતવાને માટેજ નિમિત્ત પ્રકાશે (ભવિષ્ય કહે) જેથી જૈનશાસનની ઉન્નતિ થાય. ૩૧

પાંચમો "તપસ્વી" નામે પ્રભાવક જાણવો. તે અનશનાદિક છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિક છ પ્રકારના અભ્યંતર તપ વડે કરી ચારિત્રગુણને દીપાવે અને પોતાના તપવડે સાધુધર્મને રોપે એટલે વૃદ્ધિ કરે તથા જિનેશ્વર ભગવાનની આજ્ઞાને ઓળવે નહિ એટલે જિનાજ્ઞાનુસારે વર્ત્તે, આવતાં પાપને રોકે અને કદાપિ કોપ કરે નહિ એટલે અવંચકપણે સમતામયી તપ કરે. ૩૨

છટ્ઠો પ્રભાવક "મંત્રવિદ્યાવંત" એટલે મંત્ર અને વિદ્યાવડે કરીને શ્રી જૈનશાસનની ઉન્નતિ કરે તે. જેમ શ્રી

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યા, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ. ધ૦ ૩૪

જબ નવિ હોવે પ્રભાવક એહવા,તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધ૦ ૩૫

વયરસ્વામીએ મંત્રવિદ્યાવડે, જૈનશાસનની ઉન્નતિને અર્થે બૌધ લોકોના દેશમાં બૌધ રાજાએ જિનમંદિરમાં ફૂલ આપવાં બંધ કર્યાં હતાં, તે વખતે ત્યાંના જૈનસંઘની પ્રાર્થનાથી દેવોએ અર્પિત કરેલાં કમળનાં ફૂલ અને બીજાં ગુલાબ વગેરે પંચવર્ણી ફૂલો લઇ, વિમાનમાં બેસી, બૌધ દેશમાં જઇ સંઘને આપ્યાં. તે પ્રભાવ જોઇ બૌધ રાજા જૈની થયો. દુર્ભિક્ષના વખતે શ્રીસંઘને બૌધ દેશમાં આકાશ માર્ગે લઇ જીવાડયો. એવી રીતે અંજનયોગથી શાસનનો જય કરવાવાળા "સિદ્ધિસંપન્ન" નામે સાતમા પ્રભાવક શ્રી કાલિકાચાર્યનો વૃત્તાન્ત શાસ્ત્રથી જાણવો. ૩૩

આઠમો પ્રભાવક 'કવિ' તે અમૃતના રસ જેવા મીઠા અર્થથી ભરેલાં કાવ્ય, હઠવાદ–મમત્વભાવ રહિત ધર્મહેતુએ કરે અને તેથી સિદ્ધસેનની પેઠે રાજાને પ્રતિબોધ કરે તે ઉત્તમ 'કવિરાજ' નામે આઠમો પ્રભાવક જાણવો.૩૪

જ્યારે ઉપર કહ્યા એવા પ્રભાવક ન થાય ત્યારે વિધિપૂર્વક યાત્રા પૂજાદિક અનેક કરણી કરે તે પણ પ્રભાવક જાણવા. ૩૫

ઢાળ ૭.

સતીય સુભદ્રાની દેશી.

સોહે સમકિત જેહથી, સખી જિમ આભરણે દેહ;
ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી મન વસ્યાં તેહમાં
નહીં સંદેહ, મુજ સમકિતરંગ અચળ હોજોરે. ૩૬

પહિલું કુશળપણું તિહાં, સખી વંદન ને પચ્ચકખાણ;
કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી અતિ ઘણો આચરે
તેહ સુજાણ. મુજ૦ ૩૭

હવે સમકિતનાં પાંચ ભૂષણ કહે છે. જેમ ઘરેણાંવડે શરીર શોભે છે તેમ જેવડે સમકિત શોભે તેને સમકિતનાં ભૂષણ કહે છે; તે પાંચ છે, તે મ્હારા મનમાં વસ્યાં છે; એમાં કાંઇ પણ સંદેહ નથી. મુજ કે૦ મારા સમકિતનો રંગ અચળ રહેજો. ૩૬

પહેલું ભૂષણ 'કુશળપણું' એટલે વિધિ અને વ્યવહારને વિષે ડહાપણ અથવા ચતુરપણું. તે શેમાં હોય? વંદન, પચ્ચકખાણ વગેરેમાં. જે દેવવંદન ૨૦૭૪ બોલે કરે, ગુરૂવંદન ૪૯૨ બોલે કરે, ૧૦ પ્રકારે પચ્ચકખાણ કરે અને સાધુ-શ્રાવકની કરણી સૂત્ર અનુસારે અતિ ઘણી આચરે તે સર્વ વાતે કુશળ જાણવો. ૩૭

બીજું તીરથસેવના, સખી તીરથ તારે જેહ;
તે ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ.
મુજ૦ ૩૮

ભગતિ કરે ગુરુદેવની, સખી ત્રીજું ભૂષણ હોય;
કિણહિ ચલાવ્યો નવિ ચલે, સખી ચોથું એ ભૂષણ
જોય, મુજ૦ ૩૯

બીજું ભૂષણ 'તીર્થસેવના' નામે છે. અનાદિ અનંત ચતુર્ગતિમાં ભ્રમણરુપ સંસારસમુદ્રથી જે તારે તે તીર્થ કહીએ. તે તીર્થ બે પ્રકારનાં છે:-સ્થાવર અને જંગમ. સ્થાવર તીર્થ-શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સંમેતશિખર વગેરે છે અને જંગમતીર્થ-તે ગીતારથ એટલે સૂત્ર અર્થના જાણ, ગુણવંત મુનિમહારાજા છે. તે બન્નેને વિષે અતિ ઘણો પ્રશસ્ત રાગ રાખે અને સેવા કરે, જેથી બોધિબીજ પામે અને અન્તે કર્મ ખપાવી મોક્ષે જાય. ૩૮

ત્રીજું ભૂષણ ગુરૂદેવની ભક્તિ કરવી તે. ગુરૂને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર દૂષણ રહિત વહોરાવે, કેમકે તે તેમના સંયમ સાધનના હેતુ છે. તથા ગુરૂને વન્દન કરવું, ગુરૂ આવે તો ઊભા થઇ સામા જવું વગેરે ભક્તિ બહુમાનપૂર્વક કરવી તે ગુરૂભક્તિ. દેવભક્તિ એટલે દેવપૂજા તે પાંચ પ્રકારે, આઠ પ્રકારે, યાવત્ એકસો આઠ પ્રકારે બહુ ભક્તિભાવ સહિત કરે એ 'ગુરૂદેવનીભક્તિ' નામે ત્રીજું ભૂષણ છે.

ચોથું ભૂષણ—સમકિતધર્મથકી કોઇનો ચલાવ્યો ચલે

જિનશાસનઅનુમોદના, સખી જેહથી બહુ જન હુંત;
કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત. ૪૦

ઢાળ ૮.

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું એ દેશી.

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધુર ઉપશમ
અનુકૂળ, સુગુણ નર;
અપરાધીશું પણ નવિ ચિત્તથકી, ચિંતવીએ પ્રતિકૂળ
સુગુણનર, શ્રી જિનભાષિત વચન વિચારીએ. ૪૧

નહીં તે સમકિતની 'દૃઢતારુપ' ચોથું ભૂષણ જાણવું. ૩૯

પાંચમું ભૂષણ જિનશાસનની અનુમોદના કરવી એટલે ઘણા માણસો જિનશાસનની અનુમોદના કરે એવી પ્રભાવના ખંત રાખીને કરવી, જેથી ઘણા લોકો જિનશાસનની પ્રશંસા કરે કે ધન્ય છે શ્રી જૈનધર્મને, ધન્ય છે શ્રી જૈનશાસનને કે જેમાં આવાં સારાં કામો કરી આવી પ્રભાવનાઓ કરે છે. એવી રીતે ઘણા લોકો પ્રશંસા કરે તેથી તેમના આત્માને પણ હિત થાય અને બોધિબીજની પ્રાપ્તિ થાય. આવી પ્રભાવના કરવાથી ચતુર્ગતિરુપ ભવભ્રમણતા મટે. ૪૦

હવે સમકિતનાં પાંચ લક્ષણ કહે છેઃ—લક્ષ્યતે અનેન ઇતિ લક્ષણં જેવડે (સમકિત) ગુણ ઓળખાય છે તેને લક્ષણ કહીએ. શ્રી જિનેશ્વર ભગવાને સિદ્ધાન્તને વિષે સમકિતનાં પાંચ લક્ષણ કહ્યાં છે. તેમાં ધુર એટલે પહેલું "ઉપશમ" કેο

સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક, સુ૰
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક સુ૰ ૪૨
નારક ચારક સમ ભવઉભગ્યો, તારક જાણીને ધર્મ;
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ, સુ૰ ૪૩

ક્રોધના ત્યાગ રૂપ હિતકારી લક્ષણ છે. જેથી અપરાધ કરનાર પુરૂષ ઉપર પણ મનથી તેનું માઠું થાઓ એવું વિચારીએ નહીં, પણ સમતા રાખી જેમ તેનું હિત થાય તેમ અથવા મધ્યસ્થ-ભાવે વર્ત્તીએ. હે સુગુણ પુરૂષો! આ ઉપર બતાવ્યા મુજબ શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન વિચારીએ અને શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્ત્તીએ. ૪૧

બીજું "સંવેગ" નામે લક્ષણ છે. જેથી દેવનું અને મનુષ્યનું સુખ તે દુઃખરુપ જાણે; કેમકે તે સુખ પૌદ્ગલિક છે તેથી અસાર ને ક્ષણભંગુર છે, પણ મોક્ષનું સુખ તો અવ્યાબાધ, અક્ષય, અવિનાશી અને અનંત છે; તેનેજ એકાગ્ર મને ઇચ્છે તે બીજું લક્ષણ ઉત્તમ સંવેગ કહેતાં મોક્ષનો અભિલાષ એટલે તે સુખ મેળવવાની એકાગ્ર વાંચ્છા રાખે તે જાણવું. ૪૨

ત્રીજું "નિર્વેદ" નામે લક્ષણ કહે છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહાદિ વિભાવજનિત જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ, બંધન, છેદન, ભેદન, તાડન, તર્જનાદિ દુઃખે કરી ગહન સંસારદુઃખથી, નરકરુપ બંદિખાનાની પેઠે ત્રાસ પામીને અને ધર્મ તેમાંથી તારનાર છે એમ જાણીને તે (ધર્મ) વડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે તે ત્રીજા નિર્વેદ નામે લક્ષણનો મર્મ જાણવો. ૪૩

દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાની રે ભાવ્ય;
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ્ય.

જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ;
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ
ભંગ સુ૦ ૪૫

ચોથું લક્ષણ "અનુકંપા નામે છે. તે અનુકંપા કે૦ દયા તે બે પ્રકારની છે. ૧ દ્રવ્યથી, ૨ ભાવથી. ૧ દ્રવ્યથી અનુકંપા તે દુઃખી, દીન, રોગી અને શોકવાન્ જે પ્રાણી તેનાં દુઃખ દૂર કરવાં તે. આ ધર્મરહિત પ્રાણી ધર્મ નહીં સાધવાથી બીજી ગતિમાં દુઃખી થશે તથા નરકાદિકનાં દુઃખ પામશે; જો ધર્મ કરે તો સુખી થાય એવી રીતે ચિંતવે તથા ધર્મથી પતિત પ્રાણીને ધર્મવિષે સ્થિર કરે તે ભાવ દયા. એ રીતે યથાશક્તિએ બંને પ્રકારની અનુકંપા કરવામાં ઉદ્યમ કરે એ ચોથું અનુકંપા નામે લક્ષણ જાણવું. ૪૪

પાંચમું આસ્તિકતા નામે લક્ષણ છે. વીતરાગદેવે જે વચન ભાષ્યું છે તે જૂઠું નથી પણ સત્ય છે એમાં કંઈ સંદેહ નથી. યતઃ

સવ્વાઇ જિણેસરભા-સિયાઈ વયણાઈં નન્નહા હુંતિ;
ઇય બુદ્ધિ જસ્સ મણે, સમ્મત્તં નિચ્ચલં તસ્સ.

અર્થઃ-જિનેશ્વર ભગવાને ભાષેલાં સર્વ વચન અન્યથા

ઢાળ ૯.

ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી એ દેશી.

પરતીરથી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;
વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેયરે;
ભવિકા, સમકિત યતના કીજે. ૪૬

વંદન તે કરયોજન કહિયે, નમન તે શીશ નમાવે;
દાન ઇષ્ટ અન્નાદિક દેવું, ગૌરવ ભગતિ દેખાવે
રે ભ૦ ૪૭

(ખોટાં) ન હોય, સત્યજ હોય એવી બુદ્ધિ જેના મનને વિષે છે તેનું નિશ્ચલ સમકિત જાણવું. આવી દૃઢ આસ્તા જેને છે તે આસ્તિકતા નામે પાંચમું લક્ષણ કુમતિ કે૦ માઠી મતિનો નાશ કરે. ૪૫

હવે જયણાનું સ્વરૂપ કહે છે. પરતીર્થિ કે૦ અન્ય-લિંગી જે પરિવ્રાજક તાપસ, બ્રાહ્મણ વગેરેને ગુરૂબુદ્ધિએ ન માનવા તથા બીજાના દેવ જે હરિહરાદિક, તેમને દેવ-બુદ્ધિએ ન માનવા તથા તેમણે જિનપ્રતિમા ગ્રહણ કરી હોય, નામ ફેરવ્યાં હોય ત્યાં વંદન નમસ્કાર ન કરવો, તે સમકિતની યતના કહેવાય છે; તેના છ ભેદ છે. ૪૬

પહેલી જયણા વંદન નામની છે. વંદન એટલે બે હાથ જોડી નમવું. બીજી જયણા નમન એટલે મસ્તક નમાવવું તે. ત્રીજી જયણા ઉપર કહેલા પરતીર્થિ અને પ-

અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન;
દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માનરે ભ૦ ૪૮

અણબોલાવે જેહ બોલવું, તે કહિએ આલાપ;
વાર વાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે ભ૦ ૪૯

એ જયણાથી સમકિત દીપે, વલી દીપે વ્યવહાર;
એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર
રે ભ૦ ૫૦

રના દેવને ઈષ્ટ દાન આપે અને મ્હોટી ભક્તિ બતાવે તે. હે ભવ્ય પ્રાણીઓ! એ રીતે સમકિતની યતના કરવી અર્થાત્ કુદેવ કુગુરૂને વંદન નમનાદિક ન કરવું. ૪૭

ચોથી જયણા અનુપ્રદાન તે (તાપસાદિકને) વારંવાર દાન આપવું. એમાં કુપાત્રને વિષે પાત્રની બુદ્ધિએ આપવું એ દોષ છે; વલી તિહાં અનુકંપા પણ માનવી નહિ કારણ કે અનુકંપા તો દીનદુઃખીને વિષે હોય. ૪૮

પાંચમી જયણા આલાપ નામે છે. આલાપ તે વગર બોલાવે બોલવું અને સંલાપ તે વગરબોલાવ્યે વારંવાર આલાપ કરવો તે છટ્ઠી જયણા છે; અર્થાત કુદર્શની સાથે ખાસ પ્રયોજન વિના વગરબોલાવ્યે આલાપ સંલાપ પણ ન કરવો, મિથ્યા વાદવિવાદમાં ઉતરવું નહિ, મધ્યસ્થભાવે વર્ત્તવું. ૪૯

વંદન ૧, નમન ૨, ગૌરવભક્તિ ૩, અનુપ્રદાન ૪ આલાપ ૫ અને સંલાપ ૬ સંબંધી પૂર્વોક્ત છ જયણાથી સમકિતગુણ

ઢાળ ૧૦.

લલનાની દેશી.

શુદ્ધ ધર્મથી નવિ ચલે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના ૫૧

બોલ્યું તેહવું પાળીએ, દંતીદંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જનતણા, કછપકોટિને તોલ લલના. બો૦ ૫૨

તથા વળી શુભ વ્યવહાર દીપે છે. તેમાં પણ દેવગુરુઆદિકની ભક્તિ, શાસનની પ્રભાવના, જ્ઞાનનો લાભ ઇત્યાદિ કારણથી તેને વિષે પણ જયણા છે તેના અનેક પ્રકાર છે; તેથી શ્રદ્ધાળુ એવા બુદ્ધિમાનોએ લાભાલાભનો વિચાર કરી વર્ત્તવું. ૫૦

હવે સમકિતના છ આગાર કહે છે. જે દૃઢ સમકિતધારી છે તે (આણંદ કામદેવ જેવા શ્રાવક) શુદ્ધ પવિત્ર નિર્મળ દૂષણ રહિત એવા ધર્મથી ચલે નહિ, મેરુ પર્વતની પેઠે અડગ પણે રહે, તેમને આ નીચે બતાવેલા છ આગાર રાખવાની જરુર પડતી નથી; પણ સંપ્રતિકાલે સંઘયણના શિથિલપણાથી જે ઉપર કહ્યા એવા ન હોય તેમને આ છ આગાર રાખવા કહ્યા છે. તદ્યથા રાયાભિઓગેણં ૧, ગણાભિઓગેણં ૨, બલાભિઓગેણં ૩, દેવાભિઓગેણં ૪, મહત્તરગુરૂનિગ્ગહેણં ૫, વિત્તિકંતારેણં ૬ એ છ આગાર કહ્યા છે. જેવું મુખે બોલીએ તેવું પાળીએ. સજ્જન પુરુષનો બોલ હાથીના દંતૂશલ જેવો છે, જે બહાર નિકલ્યા તે કદી અંદર પેસતા નથી, તેમ સજ્જન પુરૂષનો બોલ મુખમાંથી નિકલ્યો તે કદી ફરતો નથી, અર્થાત

રાજા નગરાદિક ધણી, તસ શાસનઅભિયોગ લલના;
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના.
બો૦ ૫૩

મેલો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના;
ક્ષેત્રપાલાદિક દેવતા, તાતાદિક ગુરૂ ઠાણ લલના, બો૦ ૫૪

પોતે બોલે છે તેવુંજ પાળે છે. અને દુર્જન માણસનો બોલ કાચબાની ડોક જેવો છે, ઘડી પલકમાં બહાર નિકળે છે અને અંદર પેસી જાય છે. ૫૧–૫૨

પ્રથમ 'રાયાભિયોગ' નામે આગાર છે. નગરાદિકનો જે સ્વામી તે રાજા કહેવાય. તેની આજ્ઞાથી તે કહે તેમ કરવું પડે. તેમાં કાર્ત્તિક શેઠની પેઠે વર્ત્તતાં મિથ્યાત્વ લાગતું નથી. તે કાર્ત્તિક શેઠનો સમ્બન્ધ કહે છેઃ–પૃથ્વીપુરભૂષણ નગરને વિષે પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરે છે. ત્યાં માસોપવાસી ગૈરિક નામે તાપસ આવ્યા. તેને રાજાની આજ્ઞાનુસારે શેઠે જમાડયો. વિશેષ કથા કલ્પસૂત્રથી જાણી લેવી. ૫૩

બીજો 'ગણાભિયોગ નામે' આગાર છે. ગણ એટલે માણસોનો સમુદાય તેની જબરાઈથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

ત્રીજો 'બલાભિયોગ' નામે આગાર કહે છે–બલ એટલે સૈન્ય પોતાના રાજાનું સૈન્ય તે સ્વચક્ર અને બીજા કોઇ રાજાનું સૈન્ય તે પરચક્ર; તેમના જોરથી તથા ચોર વગેરેના જુલમથી જે કાંઇ કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણકાંતાર લલના;
તે હેતે દૂષણ નહી, કરતાં અન્ય આચાર લલના,બો ૦૫૫

ઢાળ ૧૧.

રાગ મલ્હાર.

પાંચ પોથી રે ઠવણી પાઠાં વિટાંગણાં એ દેશી.

ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું,

ચોથો 'દેવાભિયોગ' આગાર કહે છે–ક્ષેત્રપાલ દેવ, ગોગો, આસપાલ, વિનાયક, ગ્રહદેવતા વગેરેના જુલમથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

પાંચમો 'ગુરૂનિગ્રહ' આગાર કહે છે. ગુરૂ એટલે માતા પિતા વગેરે વડેરા તે ગુરૂસ્થાનકે કહેવાય. તેમના કહેવાથી કરવું પડે અથવા તેમનો પરાભવ થયે તેમને છોડાવવા જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ. ૫૪

છઠો 'ભીષણકાન્તારવૃત્તિ'નો આગાર કહે છે. ભયંકર રોગચાળો થવાથી તથા દુકાલ વગેરે પડવાથી આજીવિકા દુર્લભ થઈ પડે, તે વખતે અન્ય રીતે આચાર કરતાં મિથ્યાત્વ લાગે નહિ. ઉપર દર્શાવેલા છ આગારને વિષે મૂળ નિયમથી વિપરીતપણે આચરણ કરતાં સમકિતને દૂષણ ન લાગે. ૫૫

હવે સમકિતની ષડ્વિધ ભાવના કહે છે. જેથી ઉત્તમ સમકિત ભાવીએ તેને ભાવના કહે છે. તે ભાવેના મન નિર્મળ

તે ભાવના રે ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે તાજું સાજું મૂલ રે,
તો વ્રતતરૂ રે દીએ શિવફળ અનુકૂલ રે.

હરિગીત છંદ.

અનુકૂલ મૂલ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ એ;
એ પ્રથમ ભાવન ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિતધર્મપુરનું, એહવી તે પાવના. ૫૭

કરીને ભાવો. જો સમકિતરુપ મૂળ તાજું એટલે નવું અને અખંડિત હોય તો વ્રતરુપી વૃક્ષ અનુકૂળપણે મોક્ષરૂપી ફળ આપે. ૫૬

શ્રેષ્ઠ અને રસવાળા એવા સમકિતરુપ મૂળ વિના જે મૂર્ખ પ્રાણી ગર્વથી ભરેલા થઇ ક્રિયા કરે છે તેમનો ઉદ્યમ નિષ્ફળ અર્થાત્ મોક્ષપ્રાપ્તિને અર્થે થતો નથી. એ પ્રથમ ભાવના સર્વ પ્રકારે હિતકારી છે.

હવે બીજી ભાવના કહે છે તે સાંભળો. સમકિત તે ધર્મ-રુપ નગરનો દરવાજો છે એટલે જેમ દરવાજામાં પેસીએ તો નગરમાં જવાય તેમ સમકિતની પ્રાપ્તિથી ધર્મપુરીમાં જવાય અર્થાત્ સમકિતથીજ સત્ય ધર્મની પ્રાપ્તિ થાય. ૫૭

ઢાળ.

ત્રીજી ભાવના રે સમકિતપીઠ જો દૃઢ ગ્રહી,
તો મોટો રે ધર્મપ્રાસાદ ડગે નહીં;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણ રે સમકિતશું ચિત્ત થોભીએ. ૫૮

હરિગીત છંદ.

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;
તે વિના છૂટાં રત્નસરિખા, મૂલ ઉત્તર ગુણ સવે,
કિમ રહે ? તાકે જેહ હરવા, ચોરજોર ભવે ભવે. ૫૯

હવે ત્રીજી ભાવના કહે છે. એ સમકિત પીઠ સમાન છે. જો સમકિત રુપ પીઠ એટલે પાયો દૃઢ હોય તો ધર્મરુપ મહેલ ડગે નહિ. કહ્યું છે કે ખોટે પાયે મોટું મંડાણ શોભતું નથી તે માટે સમકિતમાં નિશ્ચલ રહેવું જોઇએ. ૫૮

એ રીતે ત્રીજી ભાવના ભાવી ચિત્તને સ્થિર રાખી ચોથી ભાવના ભાવવી; તેમાં મનમાં એવું વિચારવું કે સર્વ મૂળ તથા ઉત્તર ગુણનો ભંડાર સમકિત છે. એ સમકિત રૂપ ભંડાર ન હોય તો સર્વે મૂળ અને ઉત્તર ગુણ છૂટાં રત્નની પેઠે શી રીતે રહી શકે ? કેમકે તેને ચોરી લેવાને માટે રાગદ્વેષાદિ ચોરો ભવોભવ તાકી રહેલા હોય છે. ૫૯

ઢાળ.

ભાવો પંચમી રે ભાવના શમ દમ સારરે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે;
છઠ્ઠી ભાવના રે સમકિતભાજન જો મળે,
શ્રુત શીલનો રે તો રસ તેહમાંથી નવિ ઢળે. ૬૦

હરિગીત છંદ.

નવિ ઢળે સમકિતભાવના રસ, અમિય સમ સંવરતણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
ઇમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬૧

હવે પાંચમી ઉત્તમ એવી શમ દમ નામે ભાવના ભાવો. સર્વ વસ્તુને સહન કરનાર અને સર્વને આધારભૂત પૃથ્વીની પેઠે સમકિત એ તેને આધારભૂત છે.

છઠ્ઠી ભાવના સમકિતરૂપ ભાજન એટલે વાસણ જો મળે તો શ્રુત–સિદ્ધાંત તથા શીલનો રસ તેમાંથી ઢળી જાય નહિ; એટલે આગમની શૈલી તથા શીલને સમકિત ધારણ કરી શકે છે. ૬૦

સમકિતભાવનો અને સંવરનો અમૃત સમાન રસ ઢળે નહીં. એ ઉપર દર્શાવેલી છ ભાવનાઓ કહી; એમાં અતિશય આદર કરવો જોઇએ એટલે તે ભાવનાઓ ઘણી વાર ભાવવી જોઇએ. એ છ ભાવનાઓનાં ટૂંકાં નામ નીચે મુજબ:–

સમકિત મૂળ ભાવના ૧, સમકિત દ્વાર ભાવના ૨, સમકિત પીઠ ભાવના ૩, સમકિત નિધાન ભાવના ૪,

ઢાળ ૧૨.

મંગળ આઠ કરી જસ આગળ એ દેશી.

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટવિધ કહીએરે,
તિહાં પહિલું થાનક છે ચેતન, લક્ષણ આતમ લહીએરે;
ખીરનીરપરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અળગોરે,
અનુભવહંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગોરે. ૬૨

સમકિત આધાર ભાવના ૫ અને સમકિત ભાજન ભાવના ૬ એમ છ ભાવના ભાવતાં ઉત્કૃષ્ટ અર્થ રૂપી સમુદ્ર હમેશાં ઉલ્લસિત રહે. જેમ પવનથી મેઘ વિલય થાય અને સમુદ્રના કલ્લોલ ઉત્પન્ન થાય તેમ પ્રબળ પુન્ય રૂપી પવનથી, અનુકૂળ સામગ્રીના યોગે, કર્મબંધ વિલય પામે અને ચિદાનંદ જે આત્મજ્ઞાન તેના કલ્લોલ એટલે તરંગ ઉત્પન્ન થાય. ૬૧

સમકિતનાં છ સ્થાનક કહે છે—જે ઠેકાણે સમકિત ઠરે એટલે સ્થિર રહે તેને સ્થાનક કહીએ, તેના છ પ્રકાર છે. તેમાં પહેલું ચેતન સ્થાનક છે તે આત્માનું લક્ષણ છે, એટલે આત્મા ચેતના લક્ષણવંત છે. આત્મા પુદ્ગલની સાથે દૂધ અને તેમાં નાખેલા પાણીની પેઠે મિશ્રિત થયો છે, તેમ છતાં પણ તે એથી જૂદો છે. જો અનુભવરુપી હંસની ચાંચ લાગે તો તે આત્મારુપી દૂધ પુદ્ગલરુપી પાણીની સાથે વળગી ન રહે; અર્થાત્ જેમ હંસ દૂધ પીને તેમાં રહેલું પાણી જૂદું કરે છે તેમ અનુભવજ્ઞાનથી આત્મા પુદ્ગલથી જૂદો થઈ શકે છે. ૬૨

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાનવાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે,
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ-
રાયા રે. ૬૩

બીજું સ્થાનક આત્મા નિત્ય છે, કેમકે તે પહેલાં અનુભવેલી વસ્તુને યાદ કરે છે; તે એવી રીતે કે જેમ કોઇ બાળક જન્મ્યું કે તે પોતાની માતાનું સ્તનપાન કરે છે એટલે ધાવે છે, તે એને કોણે શીખવ્યું ? એ વાસના તેને પૂર્વ ભવના અનુસારે પ્રાપ્ત થઇ જાણવી. આત્મા નિત્ય છે અને સંસારપરિભ્રમણમાં તે આત્માના પર્યાય જેવા કે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી એ અનિત્ય છે. તે દેવાદિકનું વિશેષ વિવરણ નીચે લખીએ છીએ—

દેવતાના મુખ્ય ભેદ—ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

મનુષ્ય—૫ ભરત ૫ ઐરવત ૫ મહાવિદેહ; એ પંદર કર્મભૂમિ. ૫ હૈમવંત ૫ ઐરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરૂ અને ૫ ઉત્તરકુરૂ, એ ત્રીશ અકર્મભૂમિ. અને છપ્પન અંતરદ્વીપ એ રીતે ૧૦૧ મનુષ્યનાં ક્ષેત્ર છે.

નરક સાત છે તેનાં નામ–રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા.

તિર્યંચના મુખ્ય ભેદ પાંચ–જલચર, સ્થલચર, ખેચર, ઉરઃ પરિસર્પ, ભુજપરિસર્પ. એ રીતે દેવ, મનુષ્ય, તિર્યંચ અને

ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા, કર્મતણે છે યોગે રે,
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિકસંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારેરે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૬૪
ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે;

નરકના ભેદ પ્રભેદ એ આત્માના અશુદ્ધ પર્યાય સમજવા. એ પર્યાય અનિત્ય છે એટલે કોઈ મનુષ્ય મરીને દેવ થયો તે વખતે મનુષ્યનો પર્યાય બદલીને દેવનો થયો. માટે પર્યાય અનિત્ય છે, પરંતુ એ મનુષ્યનો આત્મા દ્રવ્યથકી બદલાતો નથી તેથી નિત્ય છે, આત્મરાજા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણે અવિચલિત અને અખંડિત છે. ૬૩

ત્રીજું સ્થાનક ચેતન કર્ત્તા છે. જેમ કુંભાર દંડ ચક્રાદિકના સંયોગવડે ઘડાનો કર્ત્તા છે તેમ ચેતન એટલે આત્મા મન, વચન, કાયાના યોગવડે જ્ઞાનાવરણીયાદિક કર્મનો કર્ત્તા છે. જીવ નિશ્ચયથી અનુપચરિત શુદ્ધ વ્યવહારે પોતાના જ્ઞાન દર્શન ચારિત્રાદિક ગુણોનો કર્ત્તા છે અને ઉપચારથી જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના દ્રવ્યકર્મનો અને નગર-શહેર વગેરેનો કર્ત્તા છે. ૬૪

ચોથું સ્થાનક જીવ ભોક્તા છે-જીવ વ્યવહારનયના મતે પુણ્ય અને પાપના ફળનો ભોગવનાર છે પણ નિશ્ચયનયની દૃષ્ટિએ જોતાં તે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોનોજ નક્કી ભોક્તા ઠરે છે.

પાંચમું થાનક અછે પરમ પદ, અચલ અનંત સુખ-
વાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે સુખ
ખાસો રે. ૬૫

છઠ્ઠું થાનક મોક્ષતણું છે, સંજમ જ્ઞાન ઉપાયોરે,
જો સહજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફલ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાનજ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયા રે. ૬૬

પાંચમું સ્થાનક મોક્ષ છે—સમકિતનું પાંચમું સ્થાનક પરમ પદ એટલે મોક્ષપદ છે, જે ઠેકાણે નિશ્ચલ અને અનંત સુખનો વાસ છે; શરીરની વ્યાધિ એટલે રોગાદિક અને આધિ એટલે મનની પીડા ઉત્પન્ન થાય છે તે શરીર અને મનનો અભાવ જેને વિષે છે એવા મોક્ષને વિષે સર્વોત્તમ સુખ છે. ૬૫

છઠ્ઠું સ્થાનક મોક્ષનો ઉપાય છે—મોક્ષનો ઉપાય સંયમની ક્રિયા અને જ્ઞાન એ બે છે. યદુક્તં સૂત્રે—જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ જ્ઞાન અને ક્રિયા એ બેવડે મોક્ષ થાય છે. તે જો પ્રયાસ વિના સહેજે મળતું હોય તો બીજાં બધાં કારણ નિષ્ફળ થાય. કારણ વિના કાર્ય બનતુંજ નથી માટે જ્ઞાન અને ક્રિયારુપ કારણો વડે મોક્ષરુપ કાર્ય બને છે. જ્ઞાન-

**કહે કિરિયાનય કિરિયા વિણુ જે, જ્ઞાન તેહ શું કરશેરે
જલ પેસી કર પદ ન લહાવે, તારૂ તે કિમ તરશે રે?**

વાદીઓ એવું કહે છે કે જ્ઞાનજ સાચું છે, તે વિના બધી ક્રિયા જૂઠી છે; જેમ કોઇ અજ્ઞાની માણુસને રુપું જડે પણુ તેને રુપાનું જ્ઞાન ન હોવાથી તેને પડતું મૂકી છીપને લેવા જાય છે. ૬૬

ક્રિયાનય એમ કહે છે કે ક્રિયા વિના એકલું જ્ઞાન શું કરી શકે ? પાણીમાં પેસીને તરવાનું જ્ઞાન છતાં પણુ જો તારુ હાથ પગને હલાવે નહિ તો તે શી રીતે તરી શકે ? માટે જ્ઞાન અને ક્રિયા બેથીજ કાર્યસિદ્ધિ થાય છે. એકેક નયને વાદે ગુણુ દોષ ઘણા છે પણુ જ્ઞાનવંત એવા સિદ્ધાંતના જાણુ સ્યાદ્વાદમતિ તે જ્ઞાનનય અને ક્રિયાનય બન્નેને પ્રમાદરહિતપણે સાધે. કેમકે એકલાજ જ્ઞાનથી તેમજ એકલી ક્રિયાથી કંઇ કામ બનતું નથી.

તદ્યથા—હયં નાણું કિયાહીણું, હયા અન્નાણુઓ કિયા;
પિકખંતો પંગુલો દટ્ઠો, ધાવમાણો અ અંધલો. ૧

શબ્દાર્થ-ક્રિયાએ રહિત એવું જ્ઞાન તે નાશ પામે છે અને જ્ઞાનથકી રહિત એવી ક્રિયા નાશ પામે છે. જેમ દેખતો એવો પાંગળો માણુસ અગ્નિથી બળી ગયો અને દોડતો એવો આંધળો માણુસ પણુ અગ્નિથી દાઝયો.

દૂષણ ભૂષણ જે ઇહાં બહોળાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬૭

ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહેરે,
રાગદ્વેષ ટાળી મન વાળી, તે સમસુખ અવગાહે રે;

ભાવાર્થ:—જ્ઞાન હોય પણ ક્રિયા ન કરે તે અને ક્રિયા-કરતો હોય પણ અજ્ઞાની હોય તે બંનેથી કાર્યસિદ્ધિ થતી નથી. જેમ કોઇ એક વનમાં દાવાનળ લાગ્યો. ત્યાં એક આંધળો હતો અને એક પાંગળો માણસ હતો. આંધળા માણસને ખબર પડવાથી દોડમદોડ કરવાથી દાઝવા લાગ્યો અને પાંગળો માણસ જો કે દેખતો હતો તો પણ તેનાથી બચવાને રસ્તે જવાતું નહોતું તેથી તે પણ દાઝવા લાગ્યો. પછી તે પાંગળા માણસે આંધળા માણસને નજીક બોલાવીને કહ્યું, તું મને ખાંધે બેસાડ, હું તને રસ્તો બતાવું; તે રસ્તે ચાલીશ તો આપણે બન્ને બચશું. તે તેણે માન્યું અને તેમ કરવાથી બન્ને બચ્યા. આ ઉપરથી એવું સિદ્ધ થયું કે દેખતો પાંગળો માણસ તે જ્ઞાનવાન્ સમજવો અને દોડતો આંધળો માણસ તે ક્રિયાવાન્ છે. તે બન્ને મળ્યા ત્યારે દાવાનળમાંથી બચીને ઇચ્છિત સ્થાને પહોંચ્યા. ૬૭

એ પ્રમાણે સમકિતના સડસઠ બોલ વિચારી જે સમકિતને આરાધે એટલે સેવે અને રાગદ્વેષનો ત્યાગ કરીને મનને જ્ઞાનરુપ અંકુશવડે વાળી વશ કરે, તે અનુપમ એવા સમતારુપી સુખનો અનુભવ કરે. જેનું મન સમકિતમાં

જેહનું મન સમકિતમાં, નિશ્ચલ કોઈ નહીં તસ
તોલે રે,
શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચકજસ ઇમ
બોલે રે. ૬૮

ઇતિ શ્રી સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય સંપૂર્ણ.

---

૬૭ છે તેની બરાબર કોઈ નથી, એવું પંડિત શ્રી શ્રી શ્રી નયવિજયજી મહારાજનાં ચરણકમલના ઉપાસક ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે. ૬૮

ઇતિ શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય.

સમકિતના સડસઠ બોલનો ટૂંક નોધ.

'ચાર સદ્દહણા'–૧ પરમાર્થસંસ્તવ–જીવાદિક તત્વનું જાણુપણું.

૨ પરમાર્થજ્ઞાતૃસેવન–જ્ઞાની ગુરૂની સેવા.

૩ વ્યાપન્નદર્શનવર્જન–હીનાચારી એવા કુગુરૂનો સંગ ન કરવો.

૪ કુદર્શનવર્જન—અન્ય મિથ્યાદર્શનીનો પરિચય તજવો.

'ત્રણ લિંગ'–૧ શુશ્રૂષા–ધર્મ સાંભળવાની અભિરૂચિ.

૨ ધર્મરાગ–ભૂખ્યો અને અટવી ફરીને બહાર આવેલ બ્રાહ્મણને સારાં ઘેબર મળતાં લેવાની ઇચ્છા થાય તેવી ધર્મ મેળવવાની ઈચ્છા. ૩ વેયાવચ્ચ–દેવગુરૂની ભક્તિ બહુમાનાદિ કરવું.

દશ પ્રકારનો વિનય. ૧ અરિહંત દેવનો, ૨ સિદ્ધ ભગવાનનો, ૩ જિનચૈત્યનો, ૪ શ્રુત–સિદ્ધાંતનો, ૫ યતિધર્મનો, ૬ સાધુવર્ગનો, ૭ આચાર્ય મહારાજનો, ૮ ઉપાધ્યાયજીનો, ૯ પ્રવચન–સંઘનો અને ૧૦ સમ્યગ દર્શન–સમકિતનો.

ત્રણશુદ્ધિ–૧ મનઃશુદ્ધિ ૨ વચનશુદ્ધિ અને ૩ કાયશુદ્ધિ.

પાંચ દૂષણ—૧ શંકા—જિનવચનમાં શંકા, ૨ કાંક્ષા—પરમતની વાંછના, ૩ વિચિકિત્સા—ધર્મફળનો સંદેહ, ૪ મિથ્યાત્વીની પ્રશંસા અને ૫ મિથ્યામતિનો પરિચય.

આઠ પ્રભાવક—૧ શાસ્ત્રપારગામી, ૨ અપૂર્વ ધર્મોપદેશક, ૩ પરવાદીને નિરુત્તર કરનાર, ૪ નૈમિત્તિક, ૫ તપસ્વી, ૬ મંત્ર અને વિદ્યામાં પ્રવીણ, ૭ સિદ્ધિસંપન્ન અને ૮ શ્રેષ્ઠ કવિતા કરનાર.

પાંચ ભૂષણ—૧ જિનશાસનમાં કુશળતા, ૨ જિનશાસનની પ્રભાવના, ૩ તીર્થસેવા, ૪ ધર્મમાં નિશ્ચળતા અને ૫ શુદ્ધ દેવ ગુરુની ભક્તિ.

પાંચ લક્ષણ—૧ ઉપશમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા અને ૫ આસ્તિક્ય.

છ યતના—૧ પરતીર્થિકાદિ વંદન, ૨ નમસ્કરણ, ૩ કુપાત્રમાં પાત્રની બુદ્ધિએ ભક્તિપૂર્વક દાન દેવું તે, ૪ અનુપ્રદાન વારંવાર દાન આપવું, ૫ આલાપન, ૬ સંલાપન, આ છ પ્રકારે જયણા પાળવાથી—પરતીર્થિને વંદનાદિ નહિ કરવાથી સમકિત શોભે છે.

છ આગાર—૧ રાજાભિયોગ, ૨ ગણાભિયોગ, ૩ બલાભિયોગ, ૪ દેવાભિયોગ, ૫ કાંતારવૃત્તિ—અણધારી આજીવિકાની મોટી આપત્તિ આવી પડયે નિત્ય નિયમ વિરુદ્ધ કરવું પડે તે, ૬ ગુરુનિગ્રહ—વડીલના કારણે પ્રતિજ્ઞા વિરુદ્ધ કરવું પડે તે.

છ ભાવના—સમકિતને ૧ ધર્મનું મૂળ, ૨ ધર્મનગરનું દ્વાર, ૩ ધર્મમંદિરનો પાયો, ૪ ધર્મનો આધાર, ૫ ધર્મનું ભાજન, અને ૬ ધર્મનો નિધિ માને.

છ સ્થાન—૧ જીવ છે, ૨ જીવ નિત્ય છે, ૩ જીવ કર્મનો કર્ત્તા છે, ૪ જીવ કર્મનો ભોક્તા છે, ૫ જીવને મોક્ષ છે, ૬ મોક્ષનો ઉપાય પણ છે. સમ્યગ્ દર્શન,[૧] સમ્યગ્ જ્ઞાન[૨] અને સમ્યગ્ ચારિત્ર[૩] એ મોક્ષ મેળવવાનો અવંધ્ય ઉપાય છે.

---

૧ આ ઉપર બતાવેલ છ ભેદવાળું સમકિત. ૨ નિર્મળ બોધ. ૩ સદ્વર્ત્તન—શીલસંતોષાદિ સદાચારસેવન—અહિંસાદિ મહાવ્રત પાલન.

શ્રી અઢાર પાપસ્થાનકની સજ્ઝાય.

પહેલા હિંસા પાપસ્થાનકની સજ્ઝાય.

કપૂર હોયે અતિ ઊજળો રે—એ દેશી.

પાપસ્થાનક પહિલું કહ્યું રે, હિંસા નામ દુરંત;[1]
મારે જે જગ જીવને રે, તે લહે મરણ અનંત રે-
પ્રાણી, જિનવાણી ધરો ચિત્ત. ૧

માતપિતાદિ અનંતનારે, પામે વિયોગ તે મંદ;
દારિદ્ર દોહગ[2] નવિ ટળેરે, મિલે ન વલ્લભ-
વૃંદરે પ્રાણી૦ ૨

હોય વિપાકે[3] દશ ગુણુંરે, એક વાર કિયું કર્મ;
શત સહસ્ર કોડી ગમેરે, તીવ્ર ભાવના મર્મ રે
પ્રાણી૦ ૩

મર કહેતાં પણ દુઃખ હુએરે, મારે કિમ નવિ હોય?

---

૧ જેનાં ફળનો દુઃખે પાર આવે તે, ૨ માઠી ગતિમાં જવાપણું. ૩ ફળ આપવાને વખતે.

હિંસાભગિની અતિ બૂરીરે, વૈશ્વાનરની[1] જોય રે
પ્રાણી૦ ૪

તેહને જોરે જે હુઆ રે, રૌદ્ર ધ્યાન પ્રમત્ત;
નરકઅતિથિ તે નૃપ હુઆ રે, જિમ સુભૂમ
બ્રહ્મદત્તરે પ્રાણી૦ ૫

રાય વિવેક કન્યા ક્ષમા રે, પરણાવે જસ સાચ;
તેહથકી દૂરે ટળે રે, હિંસા નામ બલાય રે
પ્રાણી૦ ૬

બીજા મૃષાવાદ પાપસ્થાનકની સજઝાય.

લાછલદે માત મલ્હાર—એ દેશી.

બીજું પાપનું સ્થાન, મૃષાવાદ દુર્ધ્યાન;
આજ હો છંડો રે ભવિ મંડો ધર્મશું પ્રીતડીજી. ૧

વૈર ખેદ અવિશ્વાસ, એહથી દોષ અભ્યાસ;
આજ હો થાએ રે નવિ જાએ, વ્યાધિ અપથ્ય[2]-
થીજી. ૨

રહેવું કાલિકસૂરિ, પરિજનવચન તે ભૂરિ,
આજ હો સહિવું રે નવિ કહિવું, જૂઠ ભયાદિકેજી. ૩

---

૧ યમરાજા. ૨ પ્રતિકૂળ વસ્તુ.

આસન ધરત આકાશ, વસુ નૃપ હુઓ સુપ્રકાશ;
આજ હો જૂઠે રે સુર રુઠે, ઘાલ્યો રસાતળેજી. ૪

જે સત્ય વ્રત ધરે ચિત્ત, હોયેં જગમાંહે પવિત્ત;
આજ હો તિહને રે નવિ ભય, સુર વ્યંતર યક્ષથીજી. ૫

જે નવિ ભાખે અલિક,[૧] બોલે ઠાવું ઠીક;
આજ હો ટેકે રે સુવિવેકે, સુયશ તે સુખ વરેજી. ૬

ત્રીજા અદત્તાદાન પાપસ્થાનકની
સજઝાય.

નિંદરડી વેરણ હુઈ રહી–એ દેશી.

ચોરી વ્યસન નિવારીએ, પાપસ્થાનક હો ત્રીજું
કહ્યું ઘોરકે;
ઇહભવ પરભવ દુઃખ ઘણાં, એહ વ્યસને હો પામે
જગ ચોરકે–ચોરી૦ ૧
ચોર તે પ્રાય દરિદ્રી હુએ, ચોરીથી હો ધન ન
ઠરે નેટ[૨] કે;
ચોરનો કોઈ ધણી નહીં, પ્રાયે ભૂખ્યું હો રહે
ચોરનું પેટકે–ચો૦ ૨

---

૧ જૂઠું, ૨ સ્થિર થઈને, લાંબો વખત.

જિમ જળમાંહી નાંખીયો, તળે આવે હો જળને
અયઃ ગોળ[1] કે;
ચોર કઠોર કરમ કરી, જાય નરકે હો તિમ
નિપટ[2] નિટોલ[3] કે—ચોરી૦ ૩
નાઠું [4]પડયું વળી વિસર્યું, રહ્યું રાખ્યું હો થાપણ.
કર્યું જેહકે;
તૃણ તુસ[5] માત્ર ન લીજીએ, અણદીધું હો કિહાં
કોઇનું તેહકે—ચોરી૦ ૪
દૂરે અનર્થ સકળ ટળે, મિલે વ્હાલા હો સઘળે
જશ થાયકે;
સુરસુખનાં હુએ ભેટણાં, વ્રત ત્રીજું હો આવે જસ
દાયકે—ચોરી૦ ૫
ત્યજી ચોરપણું દેવતા, હોય નિશ્ચય હો રોહિ-
ણીયો જેમકે;
એ વ્રતથી જસ સુખ લહે, વળી પ્રાણી હો વહે પુણ્ય-
શું પ્રેમ કે—ચોરી૦ ૬

---

૧ લોઢાનો ગોળો. ૨ ગમાર, મૂર્ખ. ૩ નિર્લજ્જ.
૪ ખોવાયલું. ૫ ફોતરાં (લેશમાત્ર).

ચોથા અબ્રહ્મચર્ય પાપસ્થાનકની

સજઝાય.

પાપસ્થાનક ચોથું વર્જીએ, દુર્ગતિમૂલ અબંભ;
જગ સવિ મૂંઝ્યો છે એહમાં, છંડે તેહ અચંભ.પા૦ ૧

રૂડું લાગે છે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર;
ફળ કિંપાક[1]ની સારિખાં, વર્જે સજ્જન દૂર પાપ૦ ૨

અધર વિદ્રુમ[2]સ્મિત ફૂલડાં,[3]કુચફળ[4]કઠિન વિશાળ;
રામા દેખી ન રાચીએ, એ વિષવેલિ રસાળ. પા૦ ૩

પ્રબળ જ્વલિત અય પૂતળી,[5] આલિંગન ભલું તંત;
નરકદુવાર નિતંબિની,[6]જઘન[7]સેવન એ દુરંત પા૦ ૪

દાવાનળ ગુણવનતણો, કુળ મશી કૂર્ચક[8]એહ;
રાજધાની મોહરાયની, પાતક કાનન[9]મેહ. પા૦ ૫

પ્રભુતાએ હરિ સારિખો, રૂપે મયણ[10] અવતાર;
સીતાએ રે રાવણ યથા, છંડો પર નર નાર. પા૦ ૬

---

૧ ઝેરી ફળ. ૨ પરવાળા જેવા હોઠ. ૩ ફૂલ ઝરે એવું થોડું હસવું. ૪ સ્તન. ૫ સખ્ત ધગાવેલી લોઢાની પૂતળી. ૬ નારી. ૭ કેડનો આગલો ભાગ. ૮ શાહીનો કુચડો. ૯ પાપરુપી વન. ૧૦ કામદેવ.

દશ શિર રજ માંહે રોળવ્યાં, રાવણ વિવશ અબંભ;
રામે ન્યાયે રે આપણો, રોપ્યો જગ જયથંભ. પા૦ ૭

પાપ બંધાયે રે અતિ ઘણું, સુકૃત સકળ ક્ષય જાય;
અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદિય સફળ નવિ થાય.
પાપ૦ ૮

મંત્ર ફળે જગ જસ વધે, દેવ કરે રે સાન્નિદ્ધ;
બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિદ્ધ–પાપ૦ ૯

શેઠ સુદર્શનને ટળી, શૂળી સિંહાસન હોય;
ગુણ ગાયે ગગને રે દેવતા, મહિમા શીલનું જોય–
પાપ૦ ૧૦

મૂલ ચારિત્રનું એ ભલું, સમકિત વૃદ્ધિ નિદાન;
શીલ સલીલ ધરે જિકે, તસ હુએ સુજસ વખાણ–
પાપ૦ ૧૧

પાંચમા પરિગ્રહ પાપસ્થાનકની સજઝાય.

સુમતિ સદા દિલમાં ધરો–એ દેશી.

પરિગ્રહ મમતા પરિહરો, પરિગ્રહ દોષનું મૂલ સલુણે;
પરિગ્રહ જેહ ધરે ઘણો, તસ તપ જપ પ્રતિકૂલ.
સ. ૫. ૧

નવિ પલટે મૂલ રાશિથી, માર્ગી[1] કદિય ન હોય સ.
પરિગ્રહ ગ્રહ છે અભિનવો, સહુને દીએ દુઃખ સોય સ.પ.૨

પરિગ્રહ મદ ગુરૂઅત્તણે,[2] ભવમાંહી પડે જંત સ.
યાનપાત્ર[3] જિમ સાયરે, ભારાક્રાંત[4] અત્યંત સ.પ. ૩

જ્ઞાનધ્યાન હયગયવરે, તપ જપ શ્રુત પરતંત સ.
છોડે સમ પ્રભુતા લહે, મુનિ પણ પરિગ્રહવંત સ.પ.૪

પરિગ્રહ ગ્રહ વશે લિંગીયા, લેઇ કુમતિરજ સીસ સ.
જિમ તિમ જગ લવતા ફિરે, ઉનમત્ત હુઇ નિશદિસ
સ. પ. ૫

તૃપતો ન જીવ પરિગ્રહે, ઇંધણથી જિમ આગ સ.
તૃષ્ણાદાહ તે ઉપશમે, જલ સમ જ્ઞાન વૈરાગ સ.પ.૬

તૃપતો સગર સુતે નહિ, ગોધનથી કુચીકર્ણ સ.
તિલક શેઠ વળી ધાન્યથી, કનકે નંદ સકર્ણ[5] સ.પ.૭

અસંતુષ્ટ પરિગ્રહભર્યા, સુખીયા ન ઇંદ નરિંદ સ.
સુખી એક અપરિગ્રહી, સાધુ સુજસ સમકંદ[6] સ.પ.૮

---

૧ નિશ્ચિત માર્ગે ચાલનાર, ૨ ભારે થવાથી, ૩ વહાણ, ૪ ભારે ભરેલું, ૫ પંડિત, ડાહ્યો, ૬ સમતાના કંદ.

છટ્ઠા ક્રોધ પાપસ્થાનકની સજ્ઝાય.

ઋષભનો વંશ રયણાયરુ—એ દેશી.

ક્રોધ તે બોધનિરોધ છે, ક્રોધ તે સંયમઘાતીરે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત* પક્ષપાતીરે ૧
પાપસ્થાનક છઠ્ઠું પરિહરો, મન ધરી ઉત્તમ ખંતિ[૧]રે;
ક્રોધભુયંગ[૨]ની જાંગુલી[૩], એહ કહી જયવંતીરે પા. ૨
પૂરવ કોડિ ચરણ[૪]ગુણે, ભાવ્યો છે આતમ જેણરે;
ક્રોધવિવશ હુતા હોય ઘડી, હારે સવિ ફલ તેણરે. પા. ૩
બાળે આશ્રમ આપણો, ભજના[૫] અન્યને દાહેરે;
ક્રોધ કૃશાનુ[૬]સમાન છે, ટાળે પ્રશમ[૭]પ્રવાહેરે પા. ૪
આક્રોશ તર્જના ઘાતના, ધર્મભ્રંશને ભાવેરે;
અગ્રિમ અગ્રિમ વિરહથી[૮], લાભ તે શુદ્ધ સ્વભાવેરે પા. ૫
ન હોય ને હોય તો ચિર નહિ, ચિર રહે તો ફળ છે હો રે;
સજ્જનક્રોધ તે એહવો, જેહવો દુર્જનનેહો રે પા. ૬
ક્રોધી મુખે કટુ બોલણા, કંટકીયા કુટસાખી[૯] રે;
અદિઠ્ઠ કલ્યાણકરા[૧૦]કહ્યા, દોષતરૂશત સાખી રે. પા. ૭

---

*પાપ, ૧ ક્ષમા, ૨ સર્પ, ૩ જાંગુલી મંત્ર, ૪ ચારિત્ર, ૫ હોવું અથવા ન હોવું (બાળે કે ન બાળે), ૬ અગ્નિ, ૭ શાંતિ, ૮ એક એકના અનુક્રમે ત્યાગથી, ૯ ખરાબ ઝાડ (બોરડી, બાવળ, થોર વગેરે), ૧૦ નહિ જોયાજ ભલા.

કૂરગડૂ ચઉ તપ કર્યાં, ચરિત સુણી સમ આણોરે;
ઉપશમ સાર છે પ્રવચને, સુજશવચન એ પ્રમાણોરે. પા. ૮

सातमा मान पापस्थानकनी सज्झाय.

નદી યમુનાકે તીર ઉડે દોય પંખિયાં–એ દેશી.

પાપસ્થાનક કહે સાતમું શ્રી જિનરાજ એ,
માન માનવને હોય દુરિતશિરતાજ એ;
આઠ શિખર ગિરિરાજતણાં આડાં વળે,
નાવે વિમલાલોક[1] તિહાં કિમ તમ[2] ટળે? ૧

પ્રજ્ઞામદ તપમદ વળી ગોત્રમદે ભર્યા,
આજીવિકામદવંત ન મુક્તિ અંગીકર્યા;
ક્ષયોપશમ અનુસારે જો એહ ગુણ વહે,
શ્યો મદ કરવો એહમાં? નિર્મદ સુખ લહે. ૨

ઉચ્ચભાવ દૃઢદોષે મદજ્વર આકરો,
હોય તેહનો પ્રતિકાર[3] કહે મુનિવર ખરો;
પૂર્વ પુરૂષ સિંધુર[4]થી લઘુતા ભાવવું,
શુદ્ધ ભાવન તે પાવન શિવસાધન નવું. ૩

માને ખોયું રાજ્ય લંકાનું રાવણે,
નરનું માન હરે હરિ આવી ઐરાવણે;

---

૧ પ્રકાશ, ૨ અંધકાર, ૩ ઉપાય, ૪ હાથી.

થૂલિભદ્ર શ્રુતમદથી પામ્યા વિકાર એ,
માને જીવને આવે નરકઅધિકાર એ. ૪

વિનય શ્રુત તપ શીલ ત્રિવર્ગ હણે સવે,
માન તે જ્ઞાનનો ભંજક હોય ભવોભવે;
લુંપક છેક વિવેકરયણનો માન છે,
એહને છાંડે તાસ ન દુઃખ રહે પછે. ૫

માને બાહુબલિ વરસ લગે કાઉસ્સગ્ગ રહ્યા,
નિર્મદ સેવક ચક્રી દોય મુનિ સમ કહ્યા;
સાવધાન ત્યજી માન જે ધ્યાન ધવલ ધરે,
પરમા સુજસરમા[1] તસ આલિંગન કરે. ૬

आठमा माया पापस्थानकनी सज्झाय.

સ્વામી સ્વયંપ્રભ સાંભળો અરિહંતાજી—એ દેશી.

પાપસ્થાનક અષ્ટમ કહ્યું સુણો સંતાજી,
છાંડો માયા મૂલ ગુણવંતાજી;
કષ્ટ કરે વ્રત આદરે સુ., માયાએ તે પ્રતિકૂલ ગુ. ૧

નગન માસઉપવાસિયા સુ., સીથ[2]લીએ કૃશ અન્નગુ.
ગર્ભ અનંતા પામશે સુ., જો છે માયા મન્ન ગુ. ૨

---

૧ સ્ત્રી, ૨ દાણો.

કેશ લોચ મલધારણા સુ., ભૂમિશય્યા વ્રતયાગ ગુ.
સુકર[1]સકળ છે સાધુને સુ., દુષ્કર માયાત્યાગ ગુ.

નયન વચન આકારનું સુ., ગોપન માયાવંત ગુ.
જેહ કરે અસતી પરે સુ., તે નહિ હિતકર તંત ગુ.

કુસુમપુરે ઘર શેઠને સુ., હેઠે રહ્યો સંવિજ્ઞ ગુ.
ઉપરે તસ બીજો રહ્યો સુ., મુત્કલ[2]પણ સુગુણજ્ઞ ગુ.

દંભી એક નિંદા કરે સુ., બીજો ધરે ગુણરાગ ગુ.
પહેલાને ભવ દુત્તર[3] કહે સુ., બીજાને કહે વળી તાગગુ.

વિધિ નિષેધ નવિ ઉપદિશે સુ., એકાંતે ભગવંત ગુ.
કારણે નિષ્કપટી હવું સુ., એ આણા છે તંત ગુ.

માયાથી અળગા ટળો સુ., જિમ મળો મુગતિશું રંગગુ
સુજસવિલાસ સુખી રહો સુ., લક્ષણ આવે અંગ ગુ.

---

૧ સહેલું. ૨ મોકળો (શિથિલાચારી), ૩ દુઃખે સંસાર તરનાર.

नवमा लोभ पापस्थानकनी सज्झाय.

જીરે મારે જાગ્યો કુમર જામ—એ દેશી

જીરે મારે લોભ તે દોષ અથોભ[1],
પાપસ્થાનક નવમું કહ્યું જીરેજી;
જી. સર્વ વિનાશનું મૂલ, એહથી કોઇ ન સુખ લહ્યું જીરે.૧

જી. સુણીએ બહુ લોભાંધ, ચક્રવર્ત્તી હરીની કથા જીરે
જી. પામ્યા કટુક વિપાક, પીવત રક્ત[2]જળો યથા જીરે. ૨

જી. નિર્ધનને શતચાહ[3], શતચહે સહસ લોભીએજીરે
જી. સહસ લહે લખલોભ, લખલોભે મન કોડીએજીરે.૩

જી. કોટીશ્વર નૃપઋદ્ધિ, નૃપચાહે ચક્રીપણું જી રે
જી. ચાહે ચક્રી સુરભોગ, સુર ચાહે સુરપતિસુખ
ઘણું જી રે. ૪

જી. મૂલ લઘુપણે લોભ, વાધે શરાવ[4]પરે સહી જીરે;
જી. ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમી કહી જીરે.૫

જી. સ્વયંભૂરમણ સમુદ્ર, કોઇક અવગાહી[5]શકે જીરે.
જી. તે પણ લોભસમુદ્ર, પાર ન પામે બલથકે જીરે. ૬

---

૧ અતિ ઘણો, ૨ લોહી, ૩ સોની ઇચ્છા, ૪ સરવલાં, અળસિયાં, ૫ ન્હાઇ.

જી. કોઇક લોભને હેત, તપ શ્રુત હારે જે જડા જીરે.
જી. કાગ ઉડાવણ હેત, સુરમણિ[1] નાખે તે ખડા જી રે.૭

જી. લોભ તજે જે ધીર, તસ સવિ સંપત્તિ કિંકરી જીરે.
જી. સુજસ સુપુણ્ય વિલાસ, ગાવે તસ સુરસુંદરી જીરે.૮

दशमा राग पापस्थानकनी सज्झाय.

સુણ મોરી સજની રજની ન જાવે રે—એ દેશી.

પાપસ્થાનક દશમું કહ્યું રાગરે,
કુણહિ ન પામ્યો તેહનો તાગરે;
રાગે વાહ્યા હરિ હર બંભારે,
રાચે નાચે કરેય અચંભારે. ૧

રાગ કેશરી છે વડ રાજારે,
વિષયાભિલાષ તે મંત્રી તાજારે;
જેહના છોરૂ ઇંદ્રિય પંચોરે,
તેહનો કીધો એ સકલ પ્રપંચોરે. ૨

જેહ સદાગમવશ હુઇ જાશેરે,
અપ્રમત્તતા શિખરે વાશે[2] રે;

---

૧ ચિંતામણી રત્ન, ૨ વસશે.

ચરણ ધરમ નૃપ શૈલ[1] વિવેકેરે,
તેહશું ન ચલે રાગી ટેકેરે. ૩

બીજા તો સવિ રાગે વાહ્યારે,
એકાદશ ગુણઠાણે ઉમાહ્યા[2]રે;
રાગે પાડ્યા તે નર ખુત્તારે,
નરકનિગોદે મહાદુઃખજુત્તારે. ૪

રાગહરણ તપ જપ શ્રુત ભાખ્યારે,
તેહથી પણ જિણે ભવફળ ચાખ્યારે;
તેહનો કોઇ ન છે પ્રતિકારોરે,
અમીય હોય વિષ ત્યાં શો ચારોરે ? ૫

તપબલે છૂટ્યા તરણું તાણીરે,
કંચન કોડિ આષાઢભૂતિ નાણીરે;
નંદિષેણ પણ રાગે નાડિયારે,
શ્રુતનિધિ પણ વેશ્યાવશ પડિયારે. ૬

બાવીશ જિન પણ રહી ઘરવાસેરે,
વર્ત્યા પૂર્વ રાગ અભ્યાસેરે;
વજ્રબંધ પણ જસ બલ તૂટેરે,
નેહતંતુથી તેહ ન છૂટેરે. ૭

---

૧ પર્વત, ૨ પહોંચ્યા.

દેહઉચ્ચાટન[1] અગ્નિનું દહવું રે,
ઘણકુટ્ટન એ સવિ દુઃખ સહવું રે;
અતિ ઘણું રાતી જે હોય મજીઠ રે,
રાગતણો ગુણ એહજ દીઠ રે. ૮

રાગ ન કરજો કોઇ નર કોઇશું રે,
નવિ રહેવાય તો કરજો મુનિશું રે;
મણિ જિમ ફણીવિષનો[2] તિમ તેહો રે,
રાગનું ભેષજ સુજશસનેહો રે. ૯

अग्यारमा द्वेष पापस्थानकनी सज्झाय.

લાલનની દેશી.

દ્વેષ ન ધરીએ લાલન દ્વેષ ન ધરીએ,
દ્વેષ તજ્યાથી લાલન શિવસુખ વરીએ લા. શિ.
પાપસ્થાનક એ અગ્યારમું કૂડું,
દ્વેષરહિત ચિત્ત હોય સવિ રૂડું લા. હો. ૧

---

૧ દેહનો નાશ (ખંડાઇને ભૂકો થઇ જવું તે), ૨ સર્પના ઝેરનો.

ચરણ કરણ ગુણ બની ચિત્રશાલી[1],
દ્વેષધૂમે[2] હોય તે સવિ કાલી લા. તે. ૨

દોષ બેંતાલીશ શુદ્ધઆહારી,
ઘૂમ્રદોષે હોય પ્રબલ વિકારી લા. પ્ર. ૩

ઉગ્ર વિહાર ને તપ જપ કિરિયા,
કરતા દ્વેષ તે ભવમાંહે ફરિયા લા. ભ. ૪

યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે તેહથી વહેલું લા. તે. ૫

નિર્ગુણ તે ગુણવંત ન જાણે,
ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે લા. દ્વે. ૬

આપ ગુણી ને વળી ગુણરાગી,
જગમાંહે તેહની કીરતિ જાગી લા. કી. ૭

રાગ ધરીજે જિહાં ગુણ લહીએ,
નિર્ગુણ ઉપર સમચિત્ત રહીએ લા. સ. ૮

ભવથિતિચિંતન સુજશવિલાસે,
ઉત્તમના ગુણ એમ પ્રકાશે લા. એ. ૯

---

૧. ચિત્રવાળો સુંદર આવાસ (રહેવાનું ઘર), ૨ દ્વેષરૂપી ધૂમાડાવડે.

बारमा कलह पापस्थानकनी सज्झाय.

કિસકે ચેલે કિસકે પૂત—એ દેશી.

કલહ તે બારમું પાપનું સ્થાન, દુરગતિવનનું મૂળનિદાન
સાજન સાંભળો, મહોટો રોગ કલહ કાચ કામળો[1].
દંતકલહ જે ઘરમાંહે હોય,
લચ્છીનિવાસ તિહાં નવિ જોય–સા. ૧

શું સુંદરી તું ન કરે સાર[2]? ન કરે આપે કાંઈગમાર-સા.
ક્રોધમુખી તું તુજને ધિક્કાર, તુજથી અધિકો કુણ ?
કલિકાળ-સા. ૨

સાહમું બોલે પાપણી નિત્ત, પાપી તુજ પિતા જુઓ
ચિત્ત-સા.
દંતકલહ ઇમ જેહને થાય, તે દંપતીને સુખ કુણ ઠાય?સા.૩

કાંટે કાંટે થાયે વાડી, બોલે બોલે વાધે રાડી-સા.
જાણી મૌન ધરે ગુણવંત, તે સુખ પામે અતુલ અનંત-સા.૪

નિત્યે કલહણ કોહલશીલ[3], ભંડણશીલ[4] વિવાદન-
શીલ[5]-સા.
ચિત્ત ઉતાપ ધરે જે એમ, સંયમ કરે નિરર્થક તેમ-સા.૫

---

૧ કમળો, ૨ સંભાળ, ૩ ક્રોધ કરવાની ટેવ, ૪ ભાંડવાની ટેવ, ૫ વાદ કરવાની ટેવ.

કલહ કરીને ખમાવે જેહ, લઘુ ગુરૂ આરાધક હોય તેહ-સા.
કલહ સમાવે તે ધન્ન ધન્ન, ઉપશમસાર કહિયો સામન્ન[1]
સા-૬

નારદ નારી નિર્દય ચિત્ત, કલહ ઉદીરે[2] ત્રણે નિત્ત સા.
સજ્જન સુજન સુશીલ મહંત, વારે કલહ સ્વભાવે
સંત-સા-૭

तेरमा अभ्याख्यान पापस्थानकनी सज्झाय.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી-એ દેશી.

પાપસ્થાનક તે તેરમું છાંડીએ, અભ્યાખ્યાન દુરંતોજી;
અછતાં આળ જે પરનાં ઉચ્ચરે, દુઃખ પામે તે અનંતોજી,
ધન ધન તે નર જે જિનમત ધરે. ૧

અછતે દોષે રે અભ્યાખ્યાન જે, કરે ન પૂરે ઠાણોજી,
તે તે દોષેરે તેહને દૂષીએ, ઇમ ભાખે જિનભાણો જી.ધ.૨
જે બહુ મુખરી[3]રે વળી મત્સરભર્યા[4], અભ્યાખ્યાની
તે હોયજી;
પાતક લાગેરે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી-ધ.૩

---

૧ શ્રમણ (સાધુ)પણું, ૨ જગાડે, ૩ વાચાળ, બોલકા,
૪ ઇર્ષ્યાળુ.

મિથ્યામતિનીરે દશ સંજ્ઞા જિકે, અભ્યાખ્યાનના ભેદોજી;
ગુણ અવગુણનોરે જે કરે પાલટો, તે પામે બહુ ખેદોજી.ધ.૪

પરને દોષ ન અછતા દીજીએ, પીજીએ જો જિનવાણીજી;
ઉપશમરસશુંરે જગમાં ભીંજીએ, કીજીએ સુજસક-
માણીજી-ધ.૫

चौदमा पैशुन्य पापस्थानकनी सज्झाय.

શિરોહીનો શાલુ હો કે ઉપર યોધપુરી-એ દેશી.

પાપસ્થાનક હો કે ચૌદમું આકરૂં,
પિશુનપણાનું[1] હો કે વ્યસન છે અતિ બૂરૂં;
અશન[2] માત્રનો હો કે શુનક[3] કૃતજ્ઞ[4] છે,
તેહથી ભૂંડો હો કે પિશુન[5] લવે પછે. ૧

બહુ ઉપકરીએ હો કે પિશુનને પરે પરે[6],
કલહનો દાતા હો કે હોય તે ઉપરે;
દૂધે ધોયો હો કે વાયસ[7] ઉજળો,
કિમ હોયે પ્રકૃતે[8] હો કે જે છે શામળો. ૨

---

૧ ચાડી ખાવાનું, ૨ ખાવાનું, ૩ કુતરો, ૪ કર્યા ગુણનો જાણ, ૫ ચાડીયો, ૬ ફરી ફરી, ૭ કાગડો, ૮ સ્વભાવે.

તિલહતિલત્તણ[1] હો કે નેહ[2] છે ત્યાં લગે,
નેહ વિણઠે[3] હો કે ખલ[4] કહીએ જગે;
ઇમ નિ:સ્નેહી હો કે નિર્દય હૃદયથી,
પિશુનની વાર્તા હો કે નવિ જાયે કથી. ૩

ચાડી કરતાં હો કે વાડી ગુણતણી,
સૂકે ચૂકે હો કે ખ્યાતિ પુણ્યતણી;
કોઇ નવી દેખે હો કે વદન પિશુનતણું,
નિર્મળ કુળને હો કે દીએ તે કલંક ઘણું. ૪

જિમ સજ્જનગુણ હો કે પિશુનને દૂષીએ,
તિમ તિણે સહેજે હો કે ત્રિભુવન ભૂષીએ;
ભસ્મે માંજ્યો હો કે દર્પણ હોય ભલો,
સુજસ સવાઇ હો કે સજ્જન સુકુલતિલો[5]. ૫

पंदरमा रतिअरति पापस्थानकनी सज्झाय.

પ્રથમ ગોવાળાતણે ભવેજી–એ દેશી.

જિહાં રતિ[6] કોઇક કારણેજી, અરતિ[7] તિહાં પણ હોય;
પાપસ્થાનક તે પંદરમુંજી, તિણે એ એકજ જોય
—સુગુણ નર, સમજો ચિત્તમોઝાર. ૧

---

૧ તલનું તલપણું, ૨ તેલ, ૩ નાશ પામે, ૪ ખોળ, ૫ સારા કુળમાં તિલક સમાન, ૬ પ્રીતિ, ૭ અપ્રીતિ.

ચિત્ત અરતિ રતિ પાંખશુંજી, ઊડે પંખીરે નિત્ત;
પિંજર[1] શુદ્ધ સમાધિમેંજી, રૂંધ્યો રહે તે મિત્ત-સુ. ૨

મનપારદ[2] ઊડે નહિજી, પામી અરતિ રતિ આગ;
તો હુએ સિદ્ધિ કલ્યાણનીજી, ભાવઠ જાએ ભાગ-સુ.૩

રતિવશે અરતિ કરીજી, ભૂતારથ હોય જેહ;
તસ વિવેક આવે નહિજી, હોય ન દુઃખનો છેહ-સુ. ૪

ન રતિ અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મનમાંહિ;
અંગજ[3] વલ્લભ સુત હુઓજી, યૂકાદિક[4] નહિ કાંહિ-સુ.૫

મનકલ્પિત રતિ અરતિ છે જી, નહીં સત્ય પર્યાય;
નહીં તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવિ મિટ જાય-સુ. ૬

જેહ અરતિ રતિ નવિ ગણેજી, સુખ દુઃખ દોય સમાન;
તે પામે જસસંપદાજી, વાધે જગ તસ વાન-સુ. ૭

---

૧ પાંજરૂં, ૨ પારો, ૩ અંગથી ઉત્પન્ન થયેલો,
૪ જૂ વગેરે.

सोळमा परपरिवाद पापस्थानकनी सज्झाय.

સાહેબ બાહુ જિણેસર વિનવું-એ દેશી.

સુંદર પાપસ્થાનક તજો સોળમું, પરનિંદા અસરાળહો
સુંદર નિંદક જે મુખરી હુએ, તે ચોથો ચંડાળ હો
સું. પા૦ ૧

સું. જેહને નિંદાનો ઢાળ[1] છે,
તપ કિરિયા તસ ફોક હો;
સું. દેવ કિબ્બિસ[2] તે ઉપજે,
એ ફળ રોકારોક[3] હો સું. પા૦ ૨

સું. ક્રોધ અજીરણ તપતણું, જ્ઞાનતણુ અહંકારહો;
સું. પરનિંદા કિરિયાતણું;
વમન અજીર્ણ આહાર હો સું. પા૦ ૩

સું. રૂપ ન કોઇનું ધારીએ,
દાખીએ નિજ નિજ રંગ હો;
સું. તેહમાં કાંઇ નિંદા નહિ,
બોલે બીજું અંગ હો સું. પા૦ ૪

---

૧ ટેવ, ૨ ચંડાળ જાતિના દેવ, ૩ રોકડે રોકડું.

સું. નિંદ્ય[1]નો જેહ સ્વભાવ છે,
તાસ કથન નવિ નિંદ હો;
સું. નામ ધરી જે નિંદા કરે,
તેહ મહામતિમંદ હો સું. પા૦ ૫

સું. એહ કુશીલણી એમ કહે,
કોપ હુએ જેહ ભાખ હો;
સું. તેહ વચન નિંદાતણું,
દશ વૈકાલિક સાખ હો સું. પા૦ ૬

સું. દોષનજરથી નિંદા હુએ,
ગુણનજરે હુએ રાગ હો;
સું. જગ સવિ ચાલે માદલ[2]મઢયો,
સર્વગુણી વીતરાગ હો સું. પા૦ ૭

સું. નિજમુખ કનકકચોલડે,
નિંદક પરમલ લેઇ હો;
સું. જેહ ઘણા પરગુણ ગ્રહે,
સંત તે વિરલા કોઇ હો સું. પા૦ ૮

---

૧ નિંદવા યોગ્ય વસ્તુ), ૨ ઢોલ.

સું. પરપરિવાદ[1] વ્યસન તજો,
　　　　મ કરો નિજ ઉત્કર્ષ[2] હો;
સું. પાપ કરમ ઇમ સવિ ટળે,
　　　　પામે શુભ જસ હર્ષ હો સું. પા૦ ૯

सत्तरमा मायामृषावाद पापस्थानकनी सज्झाय.

સખી ચૈતરજ મહીને ચાલ્યા–એ દેશી.

સત્તરમું પાપનું ઠામ, પરિહરજો સદગુણધામ;
જિમ વાધે જગમાં મામ[3] હો લાલ, માયામોસ
　　　　ન કીજીએ. ૧

એ તો વિષને વળીય વધાર્યું, એ તો શસ્ત્રને અવળું ધાર્યું;
એ તો વાઘનું બાળ વકાર્યું હો લાલ–માયા. ૨

એ તો માયી ને મોસાવાઇ[4], થઈ મહોટા કરે ઠગાઈ;
તસ હેઠે ગઇ ચતુરાઇ હો લાલ–માયા. ૩

બગલાં પરે પગલાં ભરતા, થોડુ બોલે જાણે મરતા[5];
જગધંધે ચાલે[6] ફરતા હો લાલ માયા. ૪

---

૧ પારકી નિંદા, ૨ પ્રશંસા, વખાણ, ૩ મહિમા, ૪ મૃષાવાદી, ૫ મરવા પડેલાં, ૬ માથું મારે.

જે કપટી બોલે જાઠું, તસ લાગે પાપ અપૂઠું;
પંડિતમાં હોયે મુખ ભૂંઠું હો લાલ-માયા. ૫

દંભીનું જૂઠું મીઠું, તે નારીચરિત્રે દીઠું;
પણ તે છે દુર્ગતિચીઠું હો લાલ-માયા. ૬

જે જૂઠો ઘે ઉપદેશ, જનરંજનનો ધરે વેશ,
તેનો જૂઠો સકલ કલેશ હો લાલ-માયા. ૭

તેણે ત્રીજો મારગ ભાખ્યો, વેશ નિંદે દંભે રાખ્યો[1]:
શુદ્ધભાષકે શમસુખ ચાખ્યો હો લાલ-માયા. ૮

જૂઠું બોલી ઉદર જે ભરવું, કપટીને વેશે ફરવું;
તે જમવારે શુ કરવું હો લાલ-માયા. ૯

પંડે જાણે તો પણ દંભે, માયામોસને અધિક અચંભે;
સમકિતદૃષ્ટિમનથંભે હો લાલ-માયા. ૧૦

શ્રુતમર્યાદા નિરધારી, રહ્યા માયામોસ નિવારી;
શુદ્ધભાષકની બલિહારી હો લાલ-માયા. ૧૧

જે માયાએ જૂઠ ન બોલે, જગ નહિ કોઈ તેહને તોલે;
તે રાજે સુજસ અમોલે[2] હો લાલ-માયા ૧૨

---

૧ દંભવડે રાખેલા વેશને લોકો નિંદે, ૨ અમૂલ્ય.

अढारमा मिथ्यात्वशल्य पापस्थानकनी सज्झाय.

ઉત્સાપ્પણી અવસાપ્પણી આરા–એ દેશી.

અઢારમું જે પાપનું થાનક,
તે મિથ્યાત્વ પરિહરીએજી;
સત્તરથી પણ તે એક ભારી,
હોએ તુલાએ[1] જો ધરીએજી;

કષ્ટ કરો પરે પરે દમો અપ્પા[2],
ધર્મઅર્થે ધન ખરચોજી;
પણ મિથ્યાત્વ છતે તે જૂઠું,
તિણે તેહથી તુમે વિરચો[3]જી. ૧

કિરિયા કરતો ત્યજતો પરિજન,
દુઃખ સહતો મન રીઝેજી;
અંધ ન જીપે પરની સેના,
તિમ મિથ્યાદૃષ્ટિ ન સીઝેજી;

વીરસેન શૂરસેન દૃષ્ટાંતે,
સમ્મકિતની નિર્યુક્તેજી;
જોઇને ભલી પરે મન ભાવો,
એહ અરથ વર યુકતેજી. ૨

---

૧ ત્રાજવામાં, ૨ આત્મા, ૩ અટકો.

ધમ્મે અધમ્મ[૧] અધમ્મે ધમ્મહ[૨],
સન્ના મગ્ગ ઉમગ્ગા[૩]જી;
ઉન્માર્ગે મારગની[૪] સન્ના,
સાધુ અસાધુ સંલગ્ગા[૫]જી;
અસાધુમાં સાધુની મતિ,
જીવે અજીવ (અજીવ) જીવ વેદો[૬]જી;
મુત્તે અમુત્ત[૭] અમુત્તે મુત્તહ[૮],
સન્ના[૯] એ દશ ભેદોજી. ૩

અભિગ્રહિક[૧૦] નિજ નિજ મતે અભિગ્રહ,
અનભિગ્રહિક[૧૧] સહુ સરિખાજી;
અભિનિવેશી[૧૨] જાણતો કહે જૂઠું,
કરે ન તત્ત્વપરિકખાજી;
સંશય[૧૩] તે જિનવચનની શંકા,
અવ્યક્તે અનાભોગા[૧૪] જી;

---

૧ ધર્મને અધર્મ માને, ૨ અધર્મને ધર્મ માને, ૩ ખરા માર્ગને ખોટો માર્ગ માને, ૪ ખોટા માર્ગને ખરો માર્ગ માને, ૫ સાથે, ૬ જાણે, ૭ રૂપીને અરૂપી માને, ૮ અરૂપીને રૂપી માને, ૯ સંજ્ઞા, જાણવું તે, ૧૦ પોતાના મતમાં આગ્રહ રાખે, ૧૧ બધા ધર્મને સારા માને, ગોળ ખોળ કે સુવર્ણ લોહની પરીક્ષા ન કરે, ૧૨ સત્ય માર્ગને જાણે પણ પોતાનો આગ્રહ છોડે નહિ, ૧૩ જિનવચનમાં શંકા કરે, ૧૪ એકેંદ્રિયાદિકની પેઠે કંઈજ સમજે નહિ.

એ પણ પાંચ ભેદ છે વિશ્રુત[1],
જાણે સમજુ લોગાજી. ૪

લોક લોકોત્તર ભેદ એ ષડ્વિધ[2],
દેવ ધર્મ વળી ગુરૂ પર્વજી;
શકતે તિહાં લૌકિક ત્રણ આદર,
કરતાં પ્રથમ નિગર્વજી;

લોકોત્તર દેવ માને નીયાણે[3],
ગુરૂ જે લક્ષણહીનાજી;
પર્વનિષ્ઠ ઈહિ લોકને કાજે,
માને ગુરૂપદલીનાજી. ૫

એમ એકવીશ મિથ્યાત્વ ત્યજે જે,
ભજે ચરણ ગુરૂકેરાંજી;

---

૧ પ્રખ્યાત, ૨ લૌકિક દેવગત મિથ્યાત્વ [કુદેવને સુદેવ માનવા], લૌકિક ગુરૂગત મિથ્યાત્વ [કુગુરૂને સુગુરૂ માનવા], લૌકિક પર્વગત મિથ્યાત્વ [મિથ્યાત્વીનાં હોળી, બળેવ વગેરે પર્વને સુપર્વ માનવાં], લોકોત્તર દેવગત મિથ્યાત્વ [વીતરાગ દેવને આ લોકનાં સુખની પ્રાપ્તીની ઈચ્છાથી માને], લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ [નિર્ગ્રંથ સુગુરૂની સાંસારિક સુખની ઈચ્છાથી સેવા કરે], લોકોત્તર પર્વગત મિથ્યાત્વ [જ્ઞાન પાંચમ, મૌન અગ્યારશ વગેરે પર્વને આ લોકનાં સુખને માટે આરાધે], ૩ સુખપ્રાપ્તિની ઈચ્છા.

સજે ન પાપે રજે ન રાખે,
મત્સર દ્રોહ અનેરાજી;
સમકિતધારી શ્રુતઆચારી,
તેહની જગ બલિહારીજી;
શાસન સમકિતને આરાધે,
તેહની કરો મનોહારીજી. ૬

મિથ્યાત્વ તે જગ પરમ રોગ છે,
વળીય મહા અંધકારોજી;
પરમ શત્રુ ને પરમ શસ્ત્ર તે,
પરમનરક સંચારો[1]જી
પરમ દોહગ[2]ને પરમ દરિદ્ર તે,
પરમ સંકટ તે કહીએજી;
પરમ કંતાર[3] પરમ દુર્ભિક્ષ[4]તે,
તે છાંડે સુખ લહીએજી. ૭

જે મિથ્યાત્વ લવલેશ ન રાખે,
શુદ્ધો મારગ ભાખેજી;
તે સમકિત સુરતરૂ ફળ ચાખે,
રહે વળી અણીએ આખે[5]જી;

---

૧ નરકે જવું, ૨ દુર્ભાગ્ય, ૩ અટવી, ૪ દુષ્કાળ, ૫ અણીશુદ્ધ.

મ્હોટાઈ શી હોય ? ગુણ પાખે,
ગુણ પ્રભુ સમકિત દાખેજી,
શ્રી નયવિજય વિબુધ પય સેવક,
વાચક જસ ઇમ ભાખેજી. ૮

શ્રી અઢાર પાપસ્થાનકની સજઝાય સંપૂર્ણ.

સમાપ્ત.

પ્રસ્તાવના.

આ બન્નેની બુક અમે છાપેલી હાલમાં ચાલુ સાલમાંજ નવી આવૃત્તિ કરી છપાવી છે પણ ગુજરાતવાસીઓની અનુકૂળતાને ખાતર અમે આ બન્નેની તેની આ ગુજરાતી આવૃત્તિ કાઢી છે. આ બુક ન્હાની છે છતાં તેમાંના બે વિષયો અતિ ઉપયોગી છે.

પહેલો વિષય સમકિતના સડસઠ બોલની સજ્ઝાયનો છે. તે બાર ઢાળમાં પદ્યાત્મક રચનાથી સુંદર, હૃદયંગમ અને આકર્ષક ભાષામાં ગુંથવામાં આવેલો છે. સમકિત એ આત્માનો પહેલામાં પહેલો ગુણ છે. તે હોય તોજ બીજા સમસ્ત ગુણો દોરામાં પરોવેલા મોતીની જેમ ટકી શકે છે. સમકિત સહિત જાણપણું હોય તેનેજ સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે અને સમકિત સહિત આચરણ આચરવામાં આવે તેનેજ ખરું ચારિત્ર કહેવામાં આવે છે. સમકિતનો બીજો અર્થ શ્રદ્ધા થાય છે. શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિષ્ફળ છે તેમ શ્રદ્ધા વગરનું ચારિત્ર પણ નિષ્ફળ છે. તેથી જગતમાં સમકિત ગુણ પ્રગટવો અતિ જરૂરનો છે. અને એ ગુણ પ્રગટે તે અર્થે આ સજ્ઝાય સમજવા યોગ્ય છે. આ સજ્ઝાય કંઠાગ્ર કરી તેનો ભાવ વિચારવાથી સમકિતને અંગે આત્મામાં જેવી દશા છે, તે ઠીક વિચારી શકાય છે. તેથી આ સજ્ઝાય દરેક દરેક આર્ય બહેનોએ જરૂર અભ્યાસ કરી મનન કરવા યોગ્ય છે.

બીજો વિષય આઠ પાપસ્થાનકની સજ્ઝાયને લગતો છે. તેની સાથે કઠિન શબ્દોના અર્થ મૂકવામાં આવ્યા છે જેથી તેનો અર્થ વિચારવામાં સરળતા થાય. આ સજ્ઝાયોનો અભ્યાસ પણ ઘણોજ ઉપયોગી છે. દરેક પ્રકાર ઉપર જે ઉપયોગી છે તેનું સ્પષ્ટ વિવેચન આમાં વિસ્તારથી (જૈનસૂત્રો તથા નિયમસૂત્રો સાથે તથા દૃષ્ટાંતો સાથે) આપવામાં આવ્યું છે. આ સજ્ઝાયો

ની જેમ ભગવતીસૂત્ર વિગેરેમાંથી ઉપજાવીને તો આચાર્ય મહારાજે બનાવ્યાં છે. સરલ પ્રમાણ પાઠોથી બની શકે છે. પરિણામે પ્રતિક્રમણથી આત્મ શુદ્ધ થતાં સંવર થાય છે તે આશ્રવ કર્મબંધ અટકે અને નિર્જરા પણ થાય છે અને પરિણામે જીવ મોક્ષ માર્ગમાં પ્રયાણ કરી મુક્ત થઇ સિદ્ધપદને વરે છે. એટલે આ સંસ્કારો બહુ જ મહત્વવાળા અને અભ્યાસ કરવા યોગ્ય છે.

આ બન્ને સંસ્કારો નિરંતર આત્મહિત કરી અભ્યાસ કરવા યોગ્ય છે અને પ્રતિક્રમણ કરતી વખતે ધ્યાન રાખવા યોગ્ય છે. તે આત્માઓમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, સંસાર પરથી વિરક્તતા થાય છે અને પાપ કરતાં વિચારણા કરવા પ્રેરે છે. એટલે આ બન્ને સંસ્કારો ઘણાજ લાભ આપનારા છે. જૈનશાળાઓમાં આ સંસ્કારો શીખવવામાં આવે, ઉપરાંત દરેક જૈન સ્ત્રી પુરુષો (બાળકો) તે પ્રત્યેક આ સંસ્કાર જાણે અને તેનો ભાવ વિચારી તદનુસાર વિધિપૂર્વક આચરણ કરે તો તેઓનાં જીવનમાં શાંતિ અને સદાચારનો ઉદય થઇ સારૂ પરિવર્તન થાય તેમ છે.

સંવત ૧૯૮૮ ના
મહાશુદપંચમી.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.

— પ્રકાશક.

મુદ્રક: ચીમનલાલ ત્રિકમલાલ મહેતા
મુદ્રણસ્થાન: 'ભારત' મુદ્રણાલય
ઘીકાંટારોડ, વિજય ટોકિઝની સામે
અમદાવાદ.